RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 267* Date: 24.07.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારત અમેરિકાના માર્ગે: ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૪૫ હજારથી વધુ કેસ, ૧૧૨૯ના મોત

# ભયજનક: દેશમાં દર કલાકે કોરોનાના ૧૮૭૬ કેસ અને ૪૭ના મોત

**દેશમાં કુલ પોઝિટિવ કેસ ૧૨,૩૮,૬૩૫, કુલ મૃત્યુઆંક ૨૯,૮૬૧, છેલ્લા ૨૨ દિવસમાં સાડા છ લાખ કેસ સામે આવ્યા**

*ન્યુ દિલ્હી,તા.૨૩*

દેશમાં કોરોનાના કેસોમાં હાહાકાર મચી ગયો છે. કેસોમાં જાણે કે વિસ્ફોટ થયો હોય ૨૪ કલાકમાં ૪૫ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. તો કોરોનાને કારણે આ જ સમયગાળામાં મરનારાઓની સંખ્યાં પણ સૌથી વધુ ૧૧૩૦ સામે આવતાં ચિંતા વ્યાપી ગઈ હતી. જો કે તેની સામે રિકવરી રેટ પણ વધ્યો હોવાનું સરકારે દાવો કર્યો હતો. આજે ગુરૂવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરાયા ત્યારે આંચકારૂપ ૪૫,૬૦૧ કેસો સામે આવ્યાં હતા. અત્યાર સુધીમાં ૩૦ હજારની આસપાસ આવતાં કેસો હવે ૪૦ હજારની ઉપર પહોંચી ગયા છે. દર કલાક પ્રમાણે ગણીએ તો બુધવારે દેશમાં અનલોક-૨ના ૨૨મા દિવસે પ્રતિ કલાકે ૧૮૭૬ જેટલા કેસો નોંધાયા તો દર કલાકે ૪૭ના મોત થયા હતા. અને સૌથી વધુ કેસો મહારાષ્ટ્રમાં પાંચ આંકડામાં ૧૦,૫૭૬ નોંધાયા હતા. બીજા નંબરે હવે આંધ્રમાં ૬,૦૪૫ કેસો સામે આવ્યાં હતા. ત્રીજા નંબરે તામિલનાડુમાં ૫,૮૪૯ કેસો નોંધાયા હતા. કુલ મૃત્યુઆંક પણ વધીને ૩૦ હજારની નજીક એટલે કે ૨૯,૯૮૦ સુધી પહોંચી ગયો હતો. કેસો વધતાં મણિપુરમાં ગુરુવારે બપોરે ૨ વાગ્યાથી ૧૪ દિવસનું લોકડાઉન નો નિર્ણય લેવાયો છે. ભારતમાં કોરોનાના વધતા કેસો સામે રીકવરી રેટ ૬૩ ટકાએ પહોચી ગયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આજે ગુરૂવારે સવારે કોરોના કેસોના આંકડા જાહેર કર્યા હતા. જેના પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૪૫ હજાર ૭૨૦ કેસ સામે આવ્યા છે. સાથે જ ૧,૧૩૦ લોકોના મોત થયા છે. આ પ્રકારે દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧૨ લાખ ૩૮ હજાર ૬૩૫ થઈ ગઈ છે. જેમાં ૪ લાખ ૨૬ હજાર ૧૬૭ કેસ



સારવાર હેઠળ છે.સાથે જ ૭ લાખ ૮૪ હજાર ૨૬૭ દર્દીઓ સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી ૨૯ હજાર ૮૬૧ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૦,૫૭૬ કેસ મળ્યા છે. આ એક દિવસનો સૌથી મોટો આંકડો છે. રિકવરી રેટમાં દિલ્હી સૌથી આગળ ૮૪.૮૩ ટકા જયારે લદાખમાં ૮૪.૩૧ ટકા થયો છે.

દરમ્યાનમાં, કેસો વધતાં તકેદારીના પગલારૂપે મણિપુરમાં ગુરુવારે બપોરે ૨ વાગ્યાથી ૧૪ દિવસનું લોકડાઉન લાગશે. ભોપાલમાં ૨૪ જુલાઈની રાતે ૮ વાગ્યાથી ૧૦ દિવસનું લોકડાઉન લગાવાશે. મધ્યપ્રદેશના એક કેબિનેટ મંત્રી કોરોના પોઝિટિવ થયા છે. જો કે, તેમનું નામ સામે આવ્યું નથી. બુધવારે તેઓ કેબિનેટ મીટિંગમાં પણ હાજર રહ્યા હતા. આ ઉપરાંત તે લખનઉમાં લાલજી ટંડનના અંતિમ સંસ્કારમાં પણ સામેલ થયા હતા. મંત્રીને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે.

દુનિયાના લોકો કોરોનાથી ડરે છે. ત્યારે ભારતની સ્થિતિ પણ કંઈક એવી જ છે. કોરોનાના રોજેરોજ કેસોમાં વધારો થઈ રહ્યો છે. પરંતુ ભારતમાં કોરોનાના કેસોમાં વધારાની સાથે સાથે રીકવરીમાં પણ વધારો થયો હોવાનું જાણવા મળ્યું છે. ભારતમાં કોરોનાના વધતા કેસો સામે રીકવરી રેટ ૬૩ ટકાએ પહોચી ગયો છે. જે ભારત માટે એક રીહત સમાન કહી શકાય કોરોનાથી ડરવાની જરૂર નથી ફકત કોરોના માટે કાળજી રાખવાની જરૂર છે. કોરોનાના કેસોમાં રિકવરી રેટ વધતા તેને એક સારી બાબત તરીકે જોવામાં આવી રહ્યું છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે બુધવારે જણાવ્યું કે, ૨૨ જુલાઈ સુધી ૧ કરોડ ૫૦ લાખ ૭૫ હજાર ૩૬૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં ૩ લાખ ૫૦ હજાર ૮૨૩ સેમ્પલની તપાસ કરવામાં આવી છે.

ભોપાલમાં કોરોનાના વધતા સંક્રમણના કારણે ૨૪ જુલાઈની રાતે આઠ વાગ્યાથી દસ દિવસનું લોકડાઉન રહેશે. આ સાથે જ વિવિધ વિસ્તારના અલગ અગલ આપવામાં આવેલા આદેશ પણ રદ કરી દેવાયા છે. તમામ બજાર ગુરુવાર અને શુક્રવારે પહેલાની જેમ ખુલ્લા રહેશે. અત્યાર સુધી તમામ વિસ્તારમાં શુક્રવાર રાતથી સીધા ૧૦ દિવસ એટલે ૩ ઓગસ્ટ સુધી લોકડાઉન રહેશે. શહેરમાં લગભગ દોઢ મહિના પછી ફરીથી લોકડાઉન લગાવાઈ રહ્યું છે.

મહારાષ્ટ્રના સાંગલીમાં ૨૨ જુલાઈની રાતે ૧૦ વાગ્યાથી ૩૦ જુલાઈ સુધી લોકડાઉન લગાવાયું છે. મહારાષ્ટ્ર: પૂણેમાં બુધવારે સૌથી વધુ ૩,૬૦૬, જયારે મુંબઈમાં ૧,૩૧૦ નવા કેસ સામે આવ્યા હતા. પૂણેમાં હવે ૬૩,૩૫૧ અને મુંબઈમાં ૧ લાખ ૪ હજાર ૬૭૮ દર્દી મળી ચુક્યા છે. સાંગલીમાં ૨૨ જુલાઈની રાતે ૧૦ વાગ્યાથી ૩૦ જુલાઈ સુધી લોકડાઉન લગાવાયું છે.

### વડાપ્રધાને મણિપુર વોટર સપ્લાઈટ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો

# આત્મનિર્ભર ભારત માટે પૂર્વોત્તરનો વિકાસ ઘણો જરૂરી: મોદી

**કોરોનાની વિરુદ્ધ આપણે તાકાતથી લડતા રહેવાનું છે અને વિજયી થવાનું છે, રોજ ૧ લાખ માતા-બહેનોના માથેથી પાણીની મોટી ચિંતા દૂર કરી રહ્યા છીએ**

*ન્યુ દિલ્હી,તા.૨૩*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મણિપુર વોટર સપ્લાઈ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો છે. આ પ્રસંગે મોદીએ કહ્યું- કોરોનાની વિરુદ્ધ આપણે તાકાતથી લડતા રહેવાનું છે, વિજયી થવાનું છે. આ ઉપરાંત વિકાસના કામોને પણ સંપૂર્ણ તાકાતથી આગળ વધારવાના છે

કેન્દ્ર સરકારે આ પ્રોજેક્ટ માટે જલ જીવન મિશન અંતર્ગત ફન્ડ આપ્યું છે. આ પ્રોજેક્ટ પર ૩,૦૫૪.૫૮ કરોડ રૂપિયા ખર્ચ થવાનું અનુમાન છે. આ કાર્યક્રમમાં મણિપુરના રાજયપાલ નજમા હેપતુલ્લા, મુખ્યમંત્રી એન બિરેન સિંહ, તેમેના કેબિનેટ મંત્રી, સાંસદ અને ધારાસભ્યો સામેલ થાય હતા.

પ્રોજેક્ટની શરૂઆત કરતા મોદીએ તેમના ભાષણમાં કહ્યું કે પૂર્વ અને ઉતર-પૂર્વ ભારત બેવડા પડકારોનો સામનો કરી રહ્યું છે. ભારે વરસાદથી મોટા પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું છે. ઘણા લોકોના મૃત્યુ થયા છે. ઘણા લોકોને ઘર છોડવાનો વારો પણ આવ્યો છે. તમામ પરિવારો સાથે મારી સંવેદના જોડાયેલી છે. સમગ્ર દેશ તમારી સાથે ઉભો છે. ભારત સરકાર તમામ રાજય સરકારોની સાથે મળીને જરૂરિયાતો પુરી કરવાની સતત કોશિશ કરી રહી છે.

વડાપ્રધાને કોરોનાનો સામનો કરવા બાબતે રાજય સરકારની પ્રશંસા કરી. તેમણે કહ્યું મણિપુરમાં કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા માટે રાજય સરકાર રાત-દિવસ મહેનત કરી રહી છે. લોકડાઉનમાં લોકોને પરત લાવવા સહિત રાજય સરકારોએ દરેક જરૂરી પગલાઓ ભર્યા છે. સંકટના આ સમયમાં ગરીબોની આ રીતે મદદ કરવી જોઈએ. આજે ઈમ્ફાલ સહિત મણિપુરના લાખો સાથીઓ માટે ખાસ કરીને બહેનો માટે ખૂબ જ મોટો દિવસ છે. રક્ષાબંધનનો તહેવાર આવનાર છે, તે પહેલા મણિપુરની બહેનો માટે આ ખૂબ જ મોટી ભેટ છે. ૩૦૦૦ કરોડના ખર્ચે પુરો થનારા આ વોટર સપ્લાઈ પ્રોજેક્ટથી અહીંના લોકોની પાણીની સમસ્યા ઓછી થશે.

વડાપ્રધાને કહ્યું ૧૭૦૦થી વધુ ગામો માટેના આ પ્રોજેક્ટમાંથી જે પાણી આવશે તે જીવનધારાનું કામ



કરશે. આ પ્રોજેક્ટને આજની જ નહિ પરંતુ અગામી ૨૦-૨૨ વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. તેનાથી લાખો લોકોને પીવાનું શુદ્ધ પાણી મળશે અને હજારો લોકોને રોજગાર પણ મળશે. શુદ્ધ પાણીથી ઈમ્યુનિટીને તાકાત મળે છે. આ પ્રોજેક્ટથી હર ઘર જલ મિશનને પણ પ્રોત્સાહન મળશે. મણિપુરના લોકોને ખાસ કરીને માતા અને બહેનોને ખૂબ જ અભિનંદન આપું છું.

### હાઈકોર્ટ આજે પોતાનો ચુકાદો સંભળાવશે

# રાજસ્થાન રાજનીતિ સંકટ: હાઈકોર્ટના આદેશ પર રોક લગાવવાનો સુપ્રિમનો ઈન્કાર

ન્યુ દિલ્હી,તા.૨૩

રાજસ્થાન હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સ્પીકર સીપી જોશીની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ. સુપ્રીમે રાજસ્થાન હાઈકોર્ટના આવનારા ચુકાદા પર રોક લગાવવાનો ઈક્રાર કરી દીધો છે. એટલે કે હવે શુક્રવારે રાજસ્થાન હાઈકોર્ટ પોતાનો ચુકાદો સંભળાવી શકશે. હાઈકોર્ટે ૨૪ જુલાઈ સુધી વિધાયકો સામેની કાર્યવાહી પર રોક લગાવી છે. સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે કહ્યું કે પહેલા હાઈકોર્ટનો ચુકાદો આવી જાય, ત્યારબાદ સોમવારે આ મામલે સુનાવણી થશે.

રાજસ્થાન વિધાનસભા સ્પીકર તરફથી હાજર થયેલા વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે હાઈકોર્ટનો આદેશ રદ કરવામાં આવે. કોઈ નિર્ણય પહેલા સ્પીકરના મામલે હસ્તક્ષેપ કરી શકાય નહીં. સુનાવણી દરમિયાન જો કે સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરતા કહ્યું કે અસંતોષને દબાવવાથી લોકતંત્ર ખતમ થઈ જશે. ચૂંટાઈને આવેલા ધારાસભ્યોને અસહમતિનો અધિકાર છે.

આ અગાઉ વકીલ કપિલ સિબ્બલે રાજસ્તાન વિધાનસભાના સ્પીકરનો પક્ષ રજુ કરતા કહ્યું કે સ્પીકરના આદેશ અગાઉ કોર્ટનો હસ્તક્ષેપ ખોટી વાત છે. કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટમાં ૧૯૯૨ના કિહોટો હોલોહોન કેસમાં બંધારણીય પેનલે આપેલા ચુકાદાનો હવાલો આપ્યો. તેમણે કહ્યું કે આ ચુકાદા મુજબ અયોગ્યતાના મુદ્દે સ્પીકરનો ચુકાદો આવતા પહેલા કોર્ટ હસ્તક્ષેપ કરી શકે નહીં. અયોગ્ય ઠેરવવાની પ્રક્રિયા પૂરી થયા પહેલા કોર્ટમાં દાખલ થયેલી કોઈ પણ અરજી સુનાવણી યોગ્ય નથી.

સિબ્બલે સુપ્રીમ કોર્ટના એક અન્ય કેસમાં હાલમાં જ અપાયેલા આદેશનો હવાલો આપ્યો જેમાં સુપ્રીમે સ્પીકરને એક યોગ્ય સમયે નિર્ણય લેવાનો આગ્રહ કર્યો હતો, ન કે સ્પીકરને કોઈ આદેશ કે સ્પીકરને નક્કી તારીખ પર અયોગ્ય જાહેર કરવાની પ્રક્રિયા પૂરી કરતા કે રોકવા માટે કહેવાયું હતું.

સુપ્રીમ કોર્ટે સિબ્બલને પૂછ્યું કે આ મામલે વિધાયકોની કયા આધારે અયોગ્યતા ગણવામાં આવી રહી છે. સિબ્બલે જવાબ આપ્યો કે આ વિધાયકો પાર્ટીની બેઠકમાં સામેલ થયા નથી. તેઓ પાર્ટી વિરોધી ગતિવિધિઓમાં સંડોવાયેલા છે. તેમણે ઈન્ટરવ્યું આપીને કહ્યું કે તેઓ એક ફ્લોર ટેસ્ટ ઈચ્છે છે. તેઓ હરિયાણાની એક હોટલમાં છે. તેઓ પોતાની એક અલગ પાર્ટી બનાવવાના ષડયંત્રમાં સામેલ છે. તેઓ રાજયની હાલની સરકારને પાડવા માંગે છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા: ૧૦૭૮**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૫૨૫૬૩**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૨૮**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા : ૭૧૮**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૩૭૯૫૮**

### કોરોના વાયરસથી બચવા માટે માસ્ક,સોશિયલ ડિસ્ટન્સિંગ સૌથી મહત્ત્વના

# વર્ષે ૨૦૨૧ પહેલા કોરોનાની વેક્સીન બનવાની કોઇ આશા નથી : WHO

*જિનિવા,તા.૨૩*

WHOએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૧ પહેલા કોરોનાની રસી બનવાની કોઈ જ આશા નથી. જેના કારણે WHOએ કહ્યું છે કે જો રિસર્ચરે કહ્યું છે કે કોરોના વેક્સીન બનાવવામાં સફળતા મળી પણ જાય તો પણ નવા વર્ષના શરુઆતના દિવસો પહેલા તે ઉપલબ્ધ થવાની કોઈ આશા વ્યક્ત કરી શકાય તેમ નથી.

WHOના કાર્યકારી નિર્દેશક માઈક રેયાને કહ્યું છે કે, કોરોના મહામારીની વેક્સીન બનાવવામાં ભલે થોડું મોડું થઈ જાય પણ સાવધાની રાખવામાં કોઈ કસર ના છોડવી જોઈએ. હાલ કોરોના વાયરસથી બચવા માટે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ સૌથી મહત્વના છે.

ભારત સહિત દુનિયાભરમાં કોરોના વાયરસની વેક્સીન પર યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. રિસર્ચર અને વૈજ્ઞાનિકો કોરોનાની રસી બનાવવા માટે ઘણી મહેનત કરી રહ્યા છે અને ઘણાં દેશોમાં કોરોના વાયરસ વેક્સીન પર હ્યુમન ટ્રાયલ પણ શરુ થઈ ગયા છે.

ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રેજનેકા દ્વારા ટેસ્ટ કરવામાં આવી રહેલી દુનિયાની પહેલી સંભવિત કોરોના વેક્સીનના પરિણામ અત્યાર સુધી ઘણાં સારા રહ્યા છે. આ બધા વચ્ચે WHOએ કહ્યું છે કે દુનિયાભરમાં રિસર્ચર કોરોનાની વેક્સીન બનાવવા માટે ઘણી જ મહેનત કરી રહ્યા છે, જેમાંથી કેટલાક રિસર્ચ કરીને વેક્સીન અંતિમ સ્ટેજમાં ટ્રાયલ કરવામાં આવી રહી છે, પરંતુ લોકો વેક્સીન બજારમાં ૨૦૨૧ પહેલા આવે તેવી આશા ના રાખે.

WHOએ કહ્યું કે, તેઓ કોરોના વેક્સીનની દુનિયાભરમાં પ્રામાણિકતાથી વહેંચણી સુનિશ્ચિત કરવાની કોશિશ કરવામાં આવશે, ત્યાં સુધી કોરોના વાયરસનું સંક્રમણ ફેલાતું રોકવા માટેનો ઉપાય છે એકમાત્ર બચત છે.

# ભારતના રસ્તે ટ્રમ્પ: ટિકટોક પર પ્રતિબંધ લાદતો અધ્યાદેશ સર્વાનુમતે પસાર

*વૉશિંગ્ટન,તા.૨૩*

ભારતે ૫૯ ચીની એપ્સ પર પ્રતિબંધ મૂક્યો ત્યારબાદ હવે અમેરિકા પણ આ દિશામાં આગળ વધી રહ્યું હતું. અમેરિકી સેનેટે સર્વાનુમતે ચીની એપ ટીક ટૉક પર પ્રતિબંધ લાદવાના ખરડાને મંજૂરી આપી હતી.

હવે અમેરિકી સરકારી કર્મચારીઓ ટીક ટૉક એપ દ્વારા કોઈ વિડિયો ક્લીપ સોશ્યલ મિડિયા પર મૂકી નહીં શકે. મૂકનાર સામે ક્રીમીનલ કેસ દાખલ કરવામાં આવશે. વલે આ ખરડો રજૂ કર્યો હતો જેને બુધવારે સેનેટે સર્વાનુમતે મંજૂર કર્યો હતો. આ પહેલાં એક મોખરાના ડેમોક્રેટિક સેનેટરએ એવો અહેવાલ વહેતો મૂક્યો હતો કે અમેરિકા અને એના મિત્ર દેશોએ ચીનના જાસસી ઉપકરણો અને સેન્સરશીપના નિયમોનો સામનો કરવા માટે કોઇ નક્કર પગલાં હજુ સુધી લીધાં નથી.

૫૮ પાનાંના આ અહેવાલમાં એવો આક્ષેપ કરાયો હતો કે ધીમે ધીમે ચીન ઈન્ટરનેટ પર પોતાની ભીંસ વધારી રહ્યું છે. એ અમેરિકા સહિત દુનિયાના બધા દેશોને નિશાન બનાવી રહ્યું છે. એને રોકવા માટે નક્કર પગલાંની તત્કાળ જરૂર છે. અમેરિકાએ અત્યાર સુધી લીધેલાં પગલાં પૂરતાં નથી. આવી પરિસ્થિતિ લાંબો સમય ચાલુ રહે તો અમરિકાના સાઈબર ડોમેનનું ભાવિ ચીન આંચકી લેશે.

ચીને બાયોમેટ્રિક અને ફેશ્યલ રિકગ્નીશન ટેક્નિક, જેટા એનેલિસિસ, ઈન્ટરનેટ સેન્સરશીપ અને ડિજિટલ કોમ્યુનિકેશન પર ચાંપતી નજર રાખવા વિકસાવેલાં ઉપકરણો વિશે પણ આ રિપોર્ટમાં ઉલ્લેખો હતા.

## તંત્રી સ્થાનેથી...

# ક્લાઈમેન્ટ ચેઈન્જ રોકવા વધુ ઓક્સિજન આપતા વૃક્ષોનું વાવેતર ક્યારે કરવામાં આવશે.....?

દેશમાં કોરોના સંક્રમિતોનો આક જેટ ગતિએ આગળ વધતો જઈ રહ્યો છે. કોરોના ગ્રસ્તોના કેસો ૧૨ લાખ ૩૫ હજારને આંબવાની તૈયારીમાં છે અને મૃતાક ૨૯,૫૦૦ થવા પર છે.લોકોમા મહામારીને કારણે ડર વધી ગયો છે. બિહારમાં કોરોના કેસોનો વ્યાપ વધવા સાથે વરસાદી પૂરે અડધા જેટલા બિહારનું જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. જ્યારે નીતિશ સરકાર નજીકમાં આવતી ચૂંટણી નજરમાં રાખીને મત બેંક સાચવવા દોડવા લાગી છે... પરિણામે બિહારમાં લોકો રામભરોસે જેવી સ્થિતિમાં છે.....! અહીં હું આરોગ્યતંત્ર હવામાં બાચકા ભરી રહ્યું છે......! તેમ અહીંના રાજકીય વર્ગના સામાન્ય કાર્યકરો ટીકા કરી રહ્યા છે. જોકે નીતીશ કુમારને કદાચ એ ખબર નહીં હોય કે ચૂંટણી પંચે ગુજરાતમાં પેટા ચૂંટણી રોકી દીધી છે તે રીતે બિહારની સામાન્ય ચૂંટણીઓ પણ રોકી દઈ શકે છે.... અતિવૃષ્ટીથી કે વરસાદી પુરને લઈને થતી ખાના-ખરાબી સમયે સરકારી તંત્ર અને અર્ધ સરકારી તંત્ર પાણી નિકાલ માટેની યોજનાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ વગેરેની વાતો કરીને આમ પ્રજાને આશ્વાસનો આપે છે..... પરંતુ વર્ષાઋતુ પૂર્ણ થતાં તંત્રની યોજનાઓ માત્ર કાગળ પર જ રહી જાય છે...... તો ડિઝાસ્ટર મેનેજમેન્ટની પણ એ જ હાલત આજ દિન સુધી રહી છે માત્ર બિહારનીજ નહીં પરંતુ દેશભરનાં રાજયોમાં આ જ હાલત બની રહી છે.....! વિશ્વમાં ક્લાઈમેન્ટ ચેઈન્જ રોકવાની કેટલાક વર્ષોથી યુનોમાં વિશ્વના દેશો ચર્ચાઓ કરી રહ્યા છે પરંતુ ઠોસ પરિણામ લાવવા માટે કોઈ જરૂરી આકરા પગલાં લેવા સાથે આયોજન કરવું જોઈએ તે વિશ્વનો એક પણ દેશ કરતો નથી લાગતો.....! પ્રદૂષણ વધુ પ્રમાણમાં ફેલાઈ રહ્યું છે (જો કે અપવાદરૂપ કોરોનાએ પ્રદૂષિત વાતાવરણમાં બહુ મોટો ફેરફાર કરી નાખ્યો હતો જેનો પાઠ શિખવા જેવો છે) આ બધા વચ્ચે દર વર્ષે અંદાજે ૧૫ કરોડથી વધુ વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવે છે. વિશ્વના દેશોમાં જંગલોનો સફાયો કરવામાં માનવ જાત કે જે તે સરકારો પાછું વળીને જોતી નથી કે ભવિષ્યમા આ કારણે કેવા પરિણામો આવશે તે વિચારાતા નથી. ભૌતિક વિકાસ કરવામાં માનવજાત ઓક્સિજન આપતા વૃક્ષોનુ નિકંદન કાઢી રહ્યા છે તેમજ આડેધડ સિમેન્ટ કોંક્રિટના જંગલોની વણઝાર ખડકવામા પણ કૃષિ ઉત્પાદન કરતી ફળદ્રુપ જમીનો અને વર્ષો જૂના વૃક્ષોનુ નિકંદન કાઢી રહ્યા છે. ત્યારે ભારતમાં અત્યારે વર્ષાઋતુનો-વાવણુનો સમય ચાલી રહ્યો છે ત્યારે જંગલ વિસ્તારોની સલામતી કરવા સાથે દેશના રાજ્યોએ વધુ ઓક્સિજન આપતા અને લાભદાયક વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ જેમાં પીપળો ૧૦૦ ટકા લીમડો ૯૦% વડ ૮૫% આંબો ૮૦ ટકા ઓક્સિજન આપે છે કે જે તજજ્ઞોના કહેવા અનુસારની બાબત છે. આવા તો અનેક વૃક્ષો છે જેનું મોટા પ્રમાણમાં વાવેતર થવું જરૂરી છે. ભારતમાં ગ્રામીણ લોકો ખુદ પડતર કે રોડ રસ્તા કિનારા પાસેની જગ્યા પર વૃક્ષો વાવી જતન કરી શકે છે તો શહેરી વિસ્તારોમાં પણ મોટા રોડ રસ્તાની વચ્ચેની કે સાઈડની બાજુમાં વાવેતર કરી શકે છે. પરંતુ જરૂર છે સરકારોએ પ્રોત્સાહન આપવાની કે પછી ખાસ પ્રોત્સાહક યોજના લાવવાની તો પરિણામ સારા મળી શકે.....!

ભારતમાં રાજકીય ક્ષેત્રે અને ધાર્યા બહારના નિર્ણયો લેવાઈ રહ્યા છે જેમાં ગુજરાત ખાતે મોદીજીએ સી આર પાટીલની ભાજપા પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્તિ કરી પાટીદાર સમાજને ઝટકો આપવા સાથે પક્ષના આંતરિક મોટા નેતાઓને જોરદાર ઝાટકા સાથે સંદેશ આપી દીધો છે કે મનમાની કરી તો તમારી હાલત પણ આવી થઈ શકે.....? જ્યારે કડક સ્વભાવના કહેવાતા અને વન નેશન વન ફુડ જેવી યોજનાનું સફળતાપૂર્વક અમલીકરણ કરનાર આઈએએસ અધિકારી પી અમુધાને પીએમઓમા સેક્રેટરી પદે બેસાડીને અનેકને ઈશારો આપી દીધો છે કે કંઈક એવા કાર્યો કરો તો સારા પરિણામ મળશે.... ત્યારે હિમાચલ પ્રદેશમાં વર્ષોથી રાજકારણમાં ચાલ્યું આવતું બ્રાહ્મણ અને ઠાકૂર નેતાઓના વર્ચસ્વને તોડવા ભાજપા પ્રદેશ પ્રમુખ પદ પર દલિત નેતા કશ્યપની નિયુક્તિ કરી દઈને અનેક લોકોને આંચકો આપ્યો છે....! ત્યારે આ બધી બાબતો વચ્ચે.... મોટાભાગે મોદીજીની ટીકા સોશિયલ મીડિયામાં થતી જ ન હતી પરંતુ હવે લોકો જાગૃત થઈ જતા તેમની ટીકાઓની ભરમાળ શરૂ થઈ ગઈ છે... જેમાં તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી લઈને વડાપ્રધાન બન્યા ત્યાં સુધીમાં કરેલા ચૂંટણી ભાષણો સહિતના અન્ય ભાષણોના વિડીયો વાયરલ થઈ રહ્યા છે... તે સાથે તેમની ટીકા પણ શરૂ થઈ ગઈ છે જે એક નવો ટ્રેન્ડ કહી શકાય.....! પરંતુ તેમને કે ભાજપાને મોટો ઝટકો તેમના પક્ષના સાંસદ ગણેશ સિંહએ ક્રિમિલેયર બાબતે મોટો ઝટકો આપ્યો છે.... તો પશ્ચિમ બંગાળમાં ભાજપામાં જોડાયેલા ફૂટબોલ સ્ટાર મહેતાબ હુસેને ૨૪ કલાકમાં જ ભાજપામાંથી રાજીનામુ આપી દઈને મોટો ઝટકો આપ્યો છે....! આને શું કહેવાય.......? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૪-૭-૨૦૨૦, શુક્રવાર, શ્રાવણ સુદ-૪
સૂર્યોદય-૬-૧૬, સૂર્યાસ્ત-૭-૩૧, જૈન નવકારશી-૭-૦૪,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ પૂર્વાફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૧૭થી ચલ-લાભ-અમૃત-૨૧-૧૪ સુધી, ૧૨-૫૭થી શુભ-૧૪-૩૨ સુધી, ૧૭-૫૧ થી ચલ-૧૯-૩૦ સુધી, ૨૨-૧૨ થી લાભ-૨૩-૩૩ સુધી

**- શુભ હોરા-**

૬-૧૭થી ૯-૩૫ સુધી ૧૦-૪૧થી ૧૧-૪૭ સુધી, ૧૩-૫૯થી ૧૭-૧૮ સુધી ૧૮-૨૪ થી ૧૯-૩૦ સુધી

# ત્યાગની પ્રતિયોગિતા

ધોમધખતા તાપમાં રૂપલી એની ૭ મહિનાની દીકરીને તેડી દવાખાને દોડી.. ચિંતાની લકીરો સ્પષ્ટપણે દેખાતી હતી.. ડૉક્ટર પાસે જઈ રડતાં રડતાં બોલી 'આ જુઓ ને બેન મારી ઢબૂડી ને પેલો ચેપ લાગ્યો લાગે છે રડ્યા જ કરે છે..' ડોક્ટર એની વ્યવસ્થિત તપાસ કર્યા પછી એટલું જ બોલી શક્યા.. 'બેન તમારી લાડકી ચેપ ના લીધે નહીં ભૂખ ના લીધે રડી રહી છે...'

રૂપલી ની આંખના આંસુ રોકાઈ ગયા અને એકીટસે દીકરી સામે તાકી રહી.. આંખ માં દીકરી પ્રત્યે નો પ્રેમ અને લાચારી ટપકી રહી હતી..એક મા થઈને રૂપલી તેની દીકરીને છાતી સરખી તો ચાંપતી શકતી હતી પણ લગભગ ભૂખમરા જેવી પરિસ્થિતિ ને કારણે તેની છાતીમાં પણ ધાવણની ઓટ આવી ગઈ હતી..

લગભગ બે મહિના પહેલાં રૂપલી અને રતને ઘણી આશ સાથે એક શેઠ પાસે થી રૂપિયા ઉધાર લઈ શેરડીનો ચિચોડો વસાવી શહેર ના પોશ ગણાતા વિસ્તારમાં શેરડીનાં રસ ના ધંધાની નવી શરૂઆત કરી..આ ઉનાળા પાસેથી તેમને ઘણી આશા હતી..આકરા તાપમાં પણ રતન ને રૂપલી તનતોડ મહેનત કરતા અને સાથે ઢબુડી ને પણ એક ઝાડ ને છાયે ઘોડિયામાં સુવાડેલી રાખતાં..

રૂપલી.. ઊંચી અને પાતળી, શ્યામવર્ણી કાયા, ચેહરા પર ઉત્સાહ અને ગણતરી કરવામાં તો જાણે હાલતું ચાલતું ગણનયંત્ર..અને તેનો વર એટલે કે રતન.. દેખાવે જરા કદરૂપો પણ કામમાં એકદમ પાવરધો, ગ્રાહક સાચવવામાં તો તેની માસ્ટરી, હાં ..કોઈક વખત રૂપલી ને વગર વાંકે ગાળું દઈ દેતો..જરાક અભિમાની ખરો..

પણ રૂપલી ને રતન નો સ્વભાવ કોઠે પડી ગ્યો હતો..

'રતન આપડે આપડી ઢીંગલી ને પેલી મોટી નિશાળ માં ભણાઇસુ હો અને મોટી સાહેબ બનાઇસુ..'

'હા તે બનાવાની જ ને.. મારી ઢીંગલી છે મારી..' રતન ગર્વથી બોલ્યો

'હા તે મારીયે છે હો..' રૂપલી એ ગ્લાસ ધોતા હસીને કહ્યું

રૂપલી અને રતન નો ધંધો ધમધોકાર ચાલતો હતો.. અઠવાડિયું વીતી ચૂક્યું હતું.. પણ આજે અચાનક જ કોઈ ઘરાક સવારનું આયું નહોતું..

' હેં રતન... આજ કેમ કોઈ દેખાતું નથ? '

'જરા ધીરજ રાખ.. ખમ ઘડીક.. આવશે હમણા'

ત્યાં તો પોલીસ ની ગાડી આવીને ઊભી .. રતન ઊભો થઈ ગયો..

'એય બંધ કર ચલ આ બધું.. આ તમારા જેવા લોકોના ત્યાં બધા ટોળે વળી ને ઊભા રે એમાં જ કોરોનાનો ચેપ વધારે ફેલાય છે.. '' શું સાહેબ? સેનો ચેપ? ' રતને પૂછ્યું

' કેમ? સમાચાર નથી જોયા? ૨૧ દિવસ માટે બધું જ બંધ છે.. કોરોના વાયરસ આવ્યો છે વધુ ભીડ થવાથી એકમેકનો ચેપ લાગે છે..બંધ કર ચલ ઘરભેગો થા.. નહીં તો જેલ ભેગો કરીશ..'

' ભૂલ થઈ ગઈ સાહેબ.. માફ કરો.. જઈએ જ છે..'

રસ્તામાં રૂપલી એ પૂછ્યું , ' હેં રતન, હવે સુ કરસુ? ઢબુડી ની દવાયે લાવવાની છે .. આટલા દિવસ વગર કામ ધંધે કેમ નો ચૂલો હળગાઈસુ? '

'હંધુયે થઈ જાહે .. કંઇક મોટી બીમારી હસે એટલે જ સરકારે બધું બંધ કરાયું હસે ને..આપડો રામ રાખસે..લે આ પચા રૂપિયા હું અહી ઊભો સુ લારી જોડે.. આ ચબરખી માં લખેલી દવા લેતી આય હામેથી..'

અઠવાડિયું માંડ વીત્યું... ઘરમાં હવે ખાલી ચોખા જ રહ્યાં હતાં.. ૪ - ૫ શેરડી ઘરમાં પડી હતી પણ રૂપલી થોડી સેવાભાવી સ્વભાવની ..બાજુના ઘરમાં ધાન નહોતું તો એ શેરડી એણે પાડોશી ભિખાકાકા ના છોકરા માટે આપી દીધી..

થોડી હલચલ જણાતા રૂપલી એ બહાર ડોકીયું કર્યું..

'અલી એ રમલી કેમ દોડો છો બધાય?'

'વસ્તુ આલવા આયું છે કોઈક હેડ તુયે જલ્દી..'

રૂપલી ગઈ તો ખરી..પણ થોડી દૂર ઊભી રહી.. એણે જોયું કે ધાન આપીને ફોટો પાડતા હતાં.. મનમાં જરા સંકોચ થયો વિચાર આયો કે પાછી જતી રહું..પણ આંખ સામે એની દીકરી વારંવાર આવતી હતી..રૂપલી છેક ગળા સુધીની લાજ કાઢી ખાવા લેવા ગઈ..

૨૧ દિવસ પૂરા થવાની રાહમાં ૧૮ દિવસો જતા રહ્યાં..હવે ઘરમાં થોડુંઘણું અનાજ અને થોડાઘણા પૈસા પડ્યા હતાં..

' હેં રતન આપણે કે'દી કામે જાસુ? હજી તો શેઠ ને ચિચોડા ના પૈસાય આલવાના છે..'

' હવે ૩ જ દા' ડા છે ને પછી તો બધું ચાલુ.. ચિંતા કર મા '

ઘોડિયામાં સૂતેલી ઢબુ ને રતન એકીટશે જોઈ રહ્યો હતો..

૨૧ દિવસ ક્યારે પતશે તેની સૌથી વધુ ઉતાવળ રતન ને જ હતી.

'અલ્યા એ રતન ફરીથી બંધ નું એલાન આયુ સ.. હવે બધું આવતા મહિનાની તિજી તારીખે ખુલશે..' ભીખા કાકા રેડિયો સાંભળતા બોલ્યા..

રતનની આંખે અચાનક અંધારા આઈ ગયાં.. રૂપલી દોડી ને પાણી આપવા ગઈ..

લૉકડાઉન ને કારણે ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું હતું.આર્થિક લાચારી સામે ભૂખથી બેચેન થઇ રતન અને રૂપલી એક બીજાની નજર એકબીજા થી ન મળી જાય તેનો નાહક પ્રયત્ન કરતા હતા. એટલા માં બહાર લાઉડ સ્પીકર ઉપર એક કર્કશ અવાજ માં થતી જાહેરાત ' આવતીકાલથી નજીકની સરકારી દુકાને સરકાર તરફથી ગરીબોને તેલ, ચોખા, ઘઉં, ખાંડ આપવામાં આવશે ' સાંભળતા જ ડૂબતા માણસ ને તણખલા નો સહારો મળે ને આંખોમાં જે ચમક આવે તે ચમક રૂપલી એ રતન ની આંખોમાં જોઈ.

એ દિવસ ગમે તેમ પસાર કરી બીજા દિવસે સવારે સરકારી દુકાને રતન પહોંચ્યો ત્યાં તો એણે લાંબી લાઈન જોઈ. પોલીસતંત્ર વ્યવસ્થા મા ખડે પગે હતું, લગભગ ૩ કલાક પછી એનો વારો આવ્યો.. રતન જેવો ટેબલ આગળ પહોંચ્યો તરત જ ત્યાં બેસેલા કર્મચારી એ બી પી એલ રેશન કાર્ડ માંગ્યું રતન એકદમ ચમક્યો ને પોતાને સાંભળવામાં કંઇક ગફલત થઈ છે એમ મનોમન માનીને પોતાની પાસે કોઈ કાર્ડ ન હોવાનું જણાવ્યું. કર્મચારીએ તરત જ દુકાન બહાર નીકળી જવા માટે કહ્યું.

ઘરે પોતાની રાહ જોતી રૂપલી અને ઢબુડી નો લાચારીભર્યો ચેહરો યાદ આવતા અભિમાન તો દૂર સ્વાભિમાન ને પણ બાજુમાં મૂકી કર્મચારીના રીતસર પગ પકડીને કરગરતા કહ્યું, ' સાહેબ, રાશન આપી દો ને ગરીબ ના બાળકો ની દુઆ લાગશે. ' પણ કર્મચારી એ સરકારી નિયમોને આધીન ન આપી શકે એનું રટણ કર્યું. રતન બોલ્યો, ' ભૂખ ક્યાં કઈ નિયમ માને છે સાહેબ ? એ તો એના સમયે લાગે જ છે ' પણ કર્મચારી સવાર થી અત્યાર સુધી કામ કરી ને કંટાળેલો હતો તેણે ૧ ૨ વાર રતન ને ત્યાંથી જવા માટે કહ્યું પણ રતન ત્યાં ઊભીને કાકલૂદી કરતો જ રહ્યો તેથી ત્યાં ઉભેલી પોલીસે નાછૂટકે પોતાની પાસે રહેલી લાઠી સીધી રતનના પગ પર મારતા રાશન ભરવા સાથે લાવેલો થેલો હાથ માંથી છૂટી પડ્યો ને નીચે પડ્યો ને એના મોં માંથી ચીસ નીકળી ગઈ...

એ જ સમયે દુકાનમાં રાખેલ રેડિયો પરથી રેડિયો જોકી એક પ્રસિદ્ધ શેર ના શબ્દો ઉચ્ચારતા બોલ્યો..

'જો દૂર પેલી વસ્તીમાં ભૂખ્યા છે ભૂલકાં,

લાગે છે તને દૂરનાં ચશ્માં છે ઈશ્વર.

કે' છે તું પેલા મંદિરે છે હાજરાહજૂર,

તું પણ શું ચકાચોંધથી અંજાય છે ઈશ્વર ?'

દર્દથી કણસતા, પગ ઢસડીને ઘરે જતા રતન ના કાનમાં દૂર દૂર સુધી એ શબ્દો ગુંજતા રહ્યાં.

' રતન સુ થયું તને આ પગે? ' રૂપલી એ વ્યાકુળતા થઈ પૂછ્યું

' એ તો ઠોકર લાગી તો પડી ગયો .. અને એમાં પાછું દુકાને પહોંચતા મોડો પડી ગયો તો રાશન પતી ગયું બધું..' રતન આંખ નીચી રાખી બોલ્યો

'અરર..તો થેલી ક્યાં ગઈ ? '

'બસ હવે કેટલા સવાલ કરવાના છે તારે હે..'

'ના આ તો ખાલી જ.. હારું વાંધો નઈ .. તારા માટે ગરમ પાણી નો ચૂલો હલગાવું સુ..પગ ધોઈ નાખ..'

ત્યાં એના ઘસાઈ ગયેલા ફોન માં રીંગ વાગી..

'તું અને રૂપલી ગામડે આઈ જાવ બાજુવાળો ભૂરો આઇ ગ્યો સે.. અમને તમારી બવ ચિંતા થાય છે..'

' હા માવડી વિચારસુ.. ચિંતા કર મા.. અહીંયા બધું બરાબર સે '

રતને રૂપલી ને કીધું 'માવડી ને કેમનો હમજાવુ અહીયા હવે વખ ખાવાના રૂપિયા નહી પાણી પી ને દાડા કાઢીએ સે.. ને ગામડે ચમનાં આઈએ..'

' ચમ આવી હાવ મરી જવાની વાત કરે સે હે .. અને આ બધાં વાતો કરે એ કોરોના એવું તો વળી સુ છે? ' અચાનક રૂપલી એ પુછ્યું

'એ તો મનેય નથ ખબર પણ કંઇક વાયરસ છે એમ કયે બધા.. કંઇક જીવડું સે..'

'તે સુ એ જીવડું બહું મોટું સે? આપણાં પેટ માં ભૂખ ના જીવડાં બોલે સે એનાથીય મોટું?..' 'રૂપલીએ નિર્દોષતાથી પૂછ્યું.

રતનની આંખમાં ઝળઝળીયાં આવી ગયા..

થોડુંઘણું જે ખાવા વધ્યું હતું એમાંથી ખાઈ ને પેટમાં પગ નાખીને ટૂંટિયું વાળી ને સુઈ ગયા..

બીજા દિવસે બપોરે અચાનક ઢબૂડી જોર જોર થી રડવા લાગી..રૂપલી એ તેડીને ચૂપ રાખવાના ઘણા પ્રયત્ન કર્યા પણ તે નિષ્ફળ રહી.. રતનની રાહ જોયા વગર જ તે દવાખાને દોડી ગઈ..

રતન એના પગના દર્દને અવગણી દોડતો દોડતો દવાખાને પહોંચ્યો અને બારણાની આડશમાં ઊભો રહ્યો.

ડોક્ટર એ રૂપલી ને કીધું, 'તમારી દીકરી ભૂખના કારણે રડી રહી છે.'

આ સાંભળી ને રતનને પોતાની જાત પ્રત્યે ઘૃણા થવા લાગી..તે આંખ ઊંચી ન કરી શક્યો..

કંઈ જ બોલ્યા ધીમી ગતિએ પાણી ભરેલી આંખે ઘરે પહોંચતા સંધ્યાકાળ થઈ ગઈ હતી.. દવાખાને થી ડૉક્ટર બેને ઢબુડી માટે તાકાત નો પાવડર આપ્યો હતી એ ઢબુડીને પીવડાવી ઘણી બાયડી કઈ ખાધા વગર જ આડા પડ્યા.

આખું શહેર ગાઢ નિદ્રામાં હતું પણ રતન અને રૂપલી ની આંખમાંથી ઊંઘ ક્યાંક ખોવાઈ ગઈ હતી..

'હું હવે મારી દીકરીને આ હાલત માં નઈ જોઈ શકું ..' રૂપલી થી જરા મોટે થી બોલાઈ ગયું.

રતન પાસે બોલવા માટે શબ્દો નહોતાં.

હૃદય તો સ્ત્રી અને પુરુષ બંનેનું સરખું જ હોય છે પણ પુરુષની સરખામણી માં સ્ત્રી તેની લાગણીને સરળતાથી વાચા આપી શકે છે..

એક તો રૂપિયા નહીં અને ઉપરથી ઢબુડી ની આવી હાલત.. શું કરવું તે સમજમાં નહોતું આવતું..આખી રાત તે ખુલ્લી આંખે પડ્યો રહ્યો..સવાર પડતાં જ રૂપલીને ઢબુડીનું ધ્યાન રાખવાનું કહી રૂપિયાનો મેળ કરવા નીકળી પડ્યો.

ઉનાળાના દિવસોની એ ધગધગતી બપોર અમદાવાદના અંગે અંગ ને દઝાડતી હતી. અમદાવાદનું આ તદ્દન નવું જ રૂપ હતું.. હંમેશા વ્યસ્ત રહેતી આ નગરી વર્ષો નો થાક ઉતારવા ગાઢ નિંદ્રામાં હોય તેવું લાગતું હતું... પણ અમદાવાદનો આ ખાલીપો રતનને અંદરથી વધુ ખોખલો કરી રહ્યો હતો..

આખો દિવસ આમ થી તેમ ભટક્યા પછી પણ કામનો મેળ ન પડતાં રતન હારી થાકી ને ઘરે આવે છે.રતન નો નિરાશ ચેહરો જોઈ રૂપલી સમજી જાય છે કે પૈસાનો મેળ પડ્યો નથી લાગતો, ઘણી ધીરજ રાખી તે રતન ની પાસે આવીને બેસે છે અને કહે છે, ' ચિંતા ના કર.. કંઇક મેળ પડી જાહે.. '

' ક્યાંથી મેળ પડશે? કોણ કરવાનું છે આપણી મદદ? ' તેની આંખના આંસુ બહાર આવવા ઉતાવળિયા થઈ રહ્યા હતા.. ગરીબીની માર એવી પડી હતી કે તેની આખી જિંદગી ગરીબીની ભેટ થઈ ગઈ હતી..અને હવે તેની દીકરી પણ થવા જઈ રહી હતી..

૨ દિવસ માંડ વીત્યા..

'બસ બહુ થયું..મે હવે વિચારી લીધું છે..આપડે હવે ગામડે જતા રહીએ..હું મારી છોકરીની આવી હાલત હવે નઈ જોઈ શકુ..' રૂપલી એ ઉશ્કેરાઈ ને કહ્યું

રતન કઈ બોલ્યો નહી ..

'હું પેલા કામ કરવા જતી તી એ શેઠ પાસે મદદ માંગવા જઈશ.. ધંધો શરૂ કરવા ઉધારેય એમની ઓળખ ને કારણે જ મલ્યો તો ને..અને એ સાહેબની ઓળખાણોય બઉ છે.'

'કોણ પેલો શેઠ શામળ દાસ?..પેલી હિરોઈન ને હેરાન કરતો તો ને પોલીસ લઈ ગઈ તી.. અને એના લીધે તારેય કોરટ ના ધક્કા ખાવા પડ્યા તા એ?..' રતન તરત બોલ્યો

'હા એ જ શેઠ..અને એ તનેય ખબર છે કે પેલી હિરોઈન એ શેઠ ને ખોટી રીતે ભરાયા તા.. એની ગવાહી દેવા હુ ગઈ તી..પણ પેલેથી તારા આવા સ્વભાવ ના કારણે મે ત્યાં જવાનું બંધ કર દીધું..'

'એ જે હોય એ બધાય કે છે કે એ શેઠ્યો હારો માણસ નહીં..એની નજર ખરાબ છે..ને તારે ત્યાં જઉ છે. હે ...'

રતન નો હાથ ઉપાડતા રહી ગ્યો..

'હા મારી લે એ જ રયું છે હવે.. સુ કરીસ હે .. તું લાવવાનો સે રૂપિયા?..જેવો છે એવો એ સેથ્યો..ભલે નજરનો ખરાબ રહ્યો.. જિંદગી દાવ પર લગાવવા કરતાં આબરૂ દાવ પર લગાવી હારી સે..તારી છોકરી મરવા પડી છે ને તું આ બધી વાતું કરે છે .. મનેય લોકો સામે હાથ લંબાવો નથ ગમતો એ તનેય ખબર છે..પણ હવે રસ્તો નથી..આપડે બસ હવે થોડા રૂપિયા લઈ ગામડે જતા રઇસુ ફરી કોઈ દિ પાછા અહીં નઈ આઇએ..એમ પણ આબરૂ ના ડામ ગરીબને જ સહન કરવા પડે ..હવે જે થસે એ જોયું જસે ' રૂપલી આંસુ લૂછતાં જરા મોટેથી બોલી.

રતન ને ડૂમો ભરાઈ રહ્યો હતો .. તે બોલી શકે તેટલો સક્ષમ હવે રહ્યો નહોતો..

જ્યારે એક બાપ હારતો હોય છે, અંદરથી મરતો હોય છે ત્યારે તેને અને બાળક ને જીવડાવવા એક માતા પોતાની બધી મિલકત ત્યાં સુધી પોતાની ઈજ્જત પણ દાવ પર લગાવવા તૈયાર થઈ જાય છે.

ચાંદી ના કડલાં લઈ રૂપલી શેઠ ના ઘેર જવા નીકળી.. ઢબુડી ઘોડિયે સૂતેલી હતી.. લાચાર નજરે રતન રૂપલી ને દૂર સુધી જતા જોઈ રહ્યો . રૂપલી પણ કંઈ બોલ્યાં વગર નીકળી ગઈ..

રતન નું ક્ષીણ થઈ ગયેલું શરીર, અંદર જતી રહેલી આંખો તેની સ્થિતિ ની ચાડી ખાતું હતું..તેના ભારે હૃદય ને ઉંચકવા શરીર સક્ષમ નહોતું... તેનું મગજ વિચારશૂન્ય થઈ ગયું હતું.. જાત પર ઘૃણા થઈ રહી હતી ... હું બાપ કેહવડવાના ને લાયક જ નથી..હું કેમ કઈ ના કરી શક્યો .. મે મારી રૂપલી ને શેઠ જોડે જવા મજબૂર કરી?..શું થયું હસે રૂપલી જોડે?.. હું નપુંસક ની જેમ ઘર માં બેઠો રયો અને મારી રૂપલી?.. રૂપલી ની સામે કેમ ની આંખ મેળવીશ?.. પ્રશ્નોના વિસ્ફોટ થી મગજ ફાટી જાય તેવી પરિસ્થિતિ હતી..

રૂપલી ના મગજમાં પણ વિચારો નો વંટોળ ઉમટયો હતો...સુ કહિસ શેઠ ને? કેવી રીતે કઇસ?.. લાય પાછી ઘેર જતી રઉ... ના ના રૂપલી..જરા ઢબુડી નું તો વિચાર ..

અને છેવટે શેઠ શામળ દાસ ના બંગલે આવી તે ઊભી રહી..

ઝાંપો ખખડાવ્યો ... શેઠ હીંચકા પર જ બેઠા હતા..

'શેઠ...'

' અરે રૂપલી તું... આવ આવ ..બઉ દુબળી થઈ ગઈ તું તો.. '

રૂપલી આંગણ માં ઊભી રહી..

'બોલ શું થયું?' શેઠ એ છાપું વાંચતા પૂછ્યું..

' સાહેબ મારે પૈસા ની જરૂર છે મારી છોડી બીમાર છે ઘરમાં ધાન નથી... શેરડી નો ચીચોડો અને આ મારા ચાંદીના કડલાં ક્યાંક વેચી ને ઉધાર લીધેલા રૂપિયા તમને આલી ને અમારે ગામડે જતું રેવું છે..પણ ગામડે પાછા જવાની કોઈ સગવડ અમારી હારે નથી..સાહેબ તમારે મારી હારે જે કરવું હોય એ કરો પણ અમને ગામડે પહોંચાડી દયો..' રૂપલી એક શ્વાસે નજર નીચી રાખી બોલી..

' શું બોલી તું..જરા ફરીથી બોલ તો.. તું એ જ રૂપલી છે ને કે જે નીડરતા પૂર્વક કોર્ટ મા આવીને જવાબ આપતી હતી..તને યાદ છે..? મને જ્યારે ખોટા કેસ માં ફસાવવામાં આવ્યો હતો ત્યારે એની આંખો દેખી ગવાહ એકમાત્ર તું જ હતી..તું જ જાણતી હતી કે એ હિરોઈન સામેથી ઘરે આવી હતી..અને મે ના પાડતા મારા પર આક્ષેપ મૂકી મને કોર્ટ કચેરી માં ફસાવ્યો હતો..જ્યારે આખી દુનિયા મને હવસખોર અને ચરિત્રહીન કહી લાંછન લગાવતી ત્યારે માત્ર તું જ જાણતી કે હું નિર્દોષ છું .. આજે તારા જ કારણે હું બચી શક્યો છું..અને આજે આ સિંહણ જેવી રૂપલી આમ સાવ નમાલી વાત કરે છે ! ' શેઠ ચશ્મા સાફ કરતા બોલ્યાં

આ વાત સાંભળી રૂપલી ચોધાર આંસુ એ રડી પડી..

'શેઠ, મારી દીકરી ઘેર ભૂખી છે..ઘરમાં હવે ધાન નથી.. હું તેની આવી હાલત હવે જોઈ નથી શકતી..પરિવાર દૂર છે.. મારી અને મારા પતિ સાથે બીજુ કોઈ નથ..આખા શહેર માં કોઈ ને ઓળખતા નથી..સુ કરવું કઈ સમજ પડતી નથી... ભીખ થીયે ભૂંડી ભૂખ છે સાહેબ...અને ભૂખ થીયે ભૂંડી લાગણી ને મજબૂરી છે..'

' ઊભી રે આઉ છું હું..' શેઠ અંદર ગયા..

થોડી વાર પછી થોડા રૂપિયા અને ફળ લઈ શેઠ બહાર આયા

' લે આ ફળ લેતી જા..અને આ રૂપિયા..અને હા આ તારા કડા પાછા લેતી જા.. અને હા આ રૂપિયા શેઠે નઈ તારા બાપે આપ્યા છે...'

રૂપલી શેઠ ના પગે પડતાં બોલી ' શેઠ તમારો આ ઉપકાર હું કદી નહી ભૂલું... કદી નહી..'

'ચલ હવે ઊભી થા.. અને કાલે ગામડે જવા ની વ્યવસ્થા પણ હું કરાવી દઈશ.. ચિંતા ના કરીશ.. તે મારા પર વિશ્વાસ કર્યો અને મદદ માંગવા આવી તે મારી માટે ખૂબ મોટી વાત છે જ્યારે આ દુનિયા મને એક ખરાબ માણસ માને છે ત્યારે તું મારી જોડે એક આશા થી આવી...અને મને આ કામ ને લાયક સમજ્યો એના માટે હું હંમેશા ગર્વ અનુભવીશ.. ગામડે જવા ટિકિટ હું તને તારા ઘરે આપી જઈશ..જા હવે અંધારું થવા આયુ છે.'

રૂપલી ની આંખમાં હવે આશાનું કિરણ દેખાતું હતું , ચાલવાની ગતિ વધી ગઈ હતી.. દુનિયા માટે ભલે અંધારું થયું પણ રૂપલી ના મન માં તો હવે અજવાળું થયું..


ઘર નજીક પહોંચવા આવી હતી..દૂર થી એને ઢબુડી ના રડવાનો અવાજ સંભળાતો હતો..તેની ચાલવાની ઝડપ થોડી વધી.. અધખુલ્લા દરવાજા ને તેણે ધક્કો માર્યો.. રતનનનન. ..... તેના મોં માંથી ચીસ નીકળી ગઈ.. રૂપિયા અને ફળ જમીન પર પડ્યા... સામે લટકેલા રતન ના નશ્વર દેહે રૂપલી નો દેહ પણ આત્મ વિહોણો કરી નાખ્યો.. રૂપલી નું માથું નીચે ઢળી ગયું..આંખમાં આંસુની લક્ષ્મણ રેખા ખેંચાઈ અને હૃદય ની અંતર્વેદના એ આંસુ ને સીમા ઉલ્લંઘન નું જ્ઞાન આપ્યું..ગરમ લ્હાય જેવા ટીપા બાથ માં લીધેલી ઢબુડી અને રતન ના પગ ને સ્પર્શ કરતાં હતાં..રૂપલી ના પગ ધડ દઈને જમીન પર પછડાયા.. રતન સાથે જીવેલા દરેક ક્ષણ , સાથે જોયેલા દરેક સપના તેની આંખ સામે આવી ગયાં.. વેદના ને સહન ન કરી શકતા રૂપલી નું પ્રાણ પંખેરુ રતન સાથે જ ઉડી ગયું .. બાજુમાં એ નિખાલસ ઢબુડી રૂપલી ની ક્ષીણ થયેલી જૂની સાડીનો પાલવ પકડી મો માં નાખી સલામત ઓથ અનુભવતી..

બીજી બાજુ શેઠ રૂપલી નું ઘર શોધતા શોધતા ટિકિટ આપવા આવી ચડ્યા.. બહાર થી આ કારમુ દ્રશ્ય જોઈ તેમના પગ નીચેથી જમીન ખસી ગઈ અને મુકચીસો ઊભી થઈ ..ઘર ની બહાર જામેલા ટોળા ને ખસેડી શેઠ અંદર ગયાં અને ઢબુડી ને ઊંચકી લીધી.. આટલા સમય થી રડી રહેલી ઢબુડી શામળદાસ ની હુંફ મળતા જ અચાનક ચૂપ થઈ ગઈ... આ અંધકારમય ખાડામાં ધકેલવા બદલ, નાની બાળકી ને માં - બાપ વિહોણી કરવા બદલ વાંક કોનો? રાહ જોતી માં ને પરિવાર વિહોણો કરવાં બદલ વાંક કોનો? કોરોના નો? ભૂખ નો? ભીખ નો? હડધૂતી નો? આત્મસન્માન ને લાગેલ ઠોકર નો? આઘાત નો? ગરીબ - અમીર ના ભેદ નો? સરકારના નિયમો નો ? સમયસર મદદ ની અભાવનો, કે પછી આપણા સૌનો...

હેમાંગ રાવલ સદસ્ય, મધ્યસ્થ સમિત.ગુજરાતી સાહિત્ય અકાદમી

# ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા

ઘનશ્યામ વ્યાસ (સૌજન્ય)



૧૯૬૩ માં "સો ટચ નું સોનુ"ભજવવા ની શરૂઆત કરી.તેમાં મુખ્ય અભિનેત્રી તરીકે "બિંદુ"ના પાત્ર માં રાધિકા રાણી ને લીધા.આ નાટક માં ભાઈ એ બેવડી ભૂમિકા પણ ભજવી દા. ત છગનલાલ અને પોપટલાલ.

છગનલાલ અને મોહન, ૧૯૬૫ માં "છોગાળા છગનલાલ નો વરઘોડો" નામ નું ગુજરાતી ચિત્ર બનાવ્યું.પછી એમણે હીરા માણેક નાટક લખ્યું અને એમાં " માણેક"ની મુખ્ય ભૂમિકા ભજવી .

૧૯૬૭ માં "સો ટચ નું સોનું " ઉર્દૂ માં રૂપાંતર કરાવ્યું અને નામ રાખ્યું "શરિકે હયાત" તેમાં તેમણે "સલીમ" અને "બુલ બુલ" એમ બેવડી ભૂમિકા ભજવી. કચ્છ માંડવી ના પ્રવાસ માં લેખક તરીકે અને કલાકાર તરીકે શંભુભાઈ એમ એમણે ખુબ જ પ્રસિદ્ધિ મેળવી હતી.

.તેરસિંહ ઉદેશી......

સો ટચ નું સોનું"ના જાણીતા લેખક શ્રી તેરસિંહ નો જન્મ ૧૭ મે ૧૯૧૬ ના રોજ મુંબઈ માં થયેલો.મૂળ વતન કચ્છ. સ્વભાવે મિલનસાર છતાં સ્વાભિમાની સારા લેખક અને અભિનયકાર હતા.નાનપણ થી જ એમને લેખન અને અભિનય નો શોખ.

"બંકીમચંદ્ર" નાટક માં એમણે અછૂત બાળક ની ભૂમિકા ખૂબ જ સુંદર રીતે ભજવેલી.એમની કારકિર્દી "ગ્રામોફોન રેકોર્ડ" અને "ઓલ ઇન્ડિયા રેડિયો " થી શરૂ થઈ ત્યારે તેઓ માસ્તર શંભુ ના નામે નામી કલાકાર હતા. પણ ધીરે ધીરે તેઓ રંગભૂમિ તરફ આગળ વદ્યા.રંગભૂમિ ના મહાન કલાધરિત્રી શ્રી હીરા બાઈ એમને સારા કલાકાર તરીકે બહાર લાવ્યા. એમણે લખેલું નાટક "જાગૃતિ"માં મુખ્ય પાત્ર એમણે સારીરીતે ભજેવેલું.

"શરાબી"નાટક પણ એમનું જ લખેલું હતુ. તેમણે "નવયુગ નાટક સમાજ"માં પોતાનું નાટક " મૃગજળ" માં મુખ્ય ભૂમિકા ભજવી જે નાટક માં પ્રસિદ્ધ અભિનેત્રી સંધ્યા,કૃષ્ણરાવ ચોનકર,શ્રી અશરફખાન ,અબ્દુલ રહેમાન કાબુલી, પ્રાણસુખ (એડીપોલો),લલ્લુભાઈ કોમિક વગેરે કલાકારો નો સાથ હતો.

કહેવાય છે કે એમની નાટક કંપની જ્યાં જતી ત્યાં સિનેમા ગૃહો ને અસર થતી."દિલ્હી દરબાર" ૧૯૫૫ માં કચકડે મઢાઈ હતી.એક અબળા માં "બિહારી" સજ્જન કોણ માં "કિરીટ" હંસા કુમારી માં "અરવિંદ"અને મૃગજળ માં "વિનાયક" તરીકે ખુબ જ સરસ અભિનય આપ્યો તો.

# પ્રજાની પ્રતિક્રિયા..સ્કૂલો કે હાટડીઓ..?

આ એજ બેધારી તલવાર પર ચાલવા જેવો મુદ્દો છે.અહી પ્રાઇવેટ શિક્ષકો,વાલીઓ અને વિદ્યાર્થીઓ પ્રત્યે બધા ને જ હમદર્દી છે અને એ લોકોનો વિરોધ નથી.વિરોધ છે પ્રાઇવેટ શાળા સંચાલકોનો જે પોતાની શાળાઓમાં મનમાની ફી લઈ વર્ષોથી પોતાની તિજોરી ભરી છે.

લગભગ મોટાભાગની પ્રાઇવેટ સ્કૂલો સરકારી અધિકારીઓ,રાજકારણીઓ,બિલ્ડરો અને જેને આ વ્યવસાય માં અઢળક નફો ટૂંક સમયમાં જોયો છે એ લોકોની છે.

પહેલાં તો શાળા સંચાલકો વિદ્યાર્થીઓને શિક્ષણનું જ્ઞાન પછી પહેલાં વાલીઓના ખિસ્સા ખાલી કરવા માટે ફોર્મ ફી તેઓ ફી વસુલે છે,જે ફોર્મ ફી ૨૦૦ થી લઈ ૨૦૦૦ સુધી હોય છે.

પછી એડમિશન ફી જેમાં વિવિધ અલગ અલગ ચાર્જ લાગેલા હોય છે .

સ્ટેશનરી,સ્કૂલ યુનિફોર્મ કે દફતર થી લઈ વિવિધ સામગ્રીઓ જે બજારમાં તેઓ MRP થી ૭૦ % સુધી વળતર મેળવી વાલીઓ પાસેથી mrp મુજબ વેચે છે.

બીજું પછી ઇતર પ્રવૃતિઓના નામે ફંડ ઉઘરાવે છે. પછી ઘણી સ્કૂલો શાળા માજ ટ્યૂશન ચલાવે એની ફી અલગ. એટલે એક જ શિક્ષણ ના નામે ડબલ ફી.સવારે ટ્યૂશન માં જે ભણાવ્યું હોય એજ રેગ્યુલર ક્લાસમાં ન ભણાવે તો ચાલે ?!ભણાવે તો એજ જે સવારે ટ્યુશનમાં ભણાવ્યું.

આ એક મોટો પ્રશ્ન છે શાળામાજ ટ્યૂશન ક્લાસ એટલે જે શિક્ષકો ખાનગી ટ્યૂશન ન કરાવી શકે એ શાળામાં કરી શકે ?!હવે જો પ્રાઇવેટ સ્કૂલોના શિક્ષકો ને પગાર આટલું કમાતા સંચાલકો ન આપી શકે તો સામાન્ય માણસ પણ એની આવક બંધ હોય તો ફી કેવી રીતે ભરી શકે ? પ્રાઇવેટ શાળાના શિક્ષકો પણ આ બધી પોલ જાણે છે પણ જંગલમાં રહેવું અને સિંહ સાથે દુશ્મની કરવી એ પોસાય એમ નથી.

જો સંચાલકો એટલા બધા પ્રામાણિક અને પોતાના શિક્ષકો ની પ્રત્યે હમદર્દી હોય તો તેઓ દર મહિને પોતાનો હિસાબ જાહેર કરે અને એમાંથી જે નફો હોય તેમાંથી ૧૦ % શિક્ષકો ને બોનસ આપે.

કેટલી શાળાના સંચાલકો કષ્ઠિ ના નિયમો ૧૦૦ % પાળે છે ?

કેટલાં સંચાલકો શિક્ષકોને સરકારી ધારાધોરણ મુજબ પગાર આપે છે ?

કેટલાં સંચાલકો શિક્ષકો ને સરકારી ધારાધોરણ મુજબ ભરતી કરે છે ?

આ બધી લડતમાં શિક્ષકો એજ સંચાલકોની સામે અવાજ ઉઠાવવો જોઈએ.

અહીં શિક્ષકોની જેમ બીજા પ્રાઇવેટ નોકરિયાતોની પણ આવક અડધી થઈ ગઈ છે,માલિકો એ પગાર પણ નથી ચૂકવ્યા અને રોજમદાર વર્ગની મુશ્કેલી વધુ ગંભીર છે.તો શું ફક્ત શિક્ષણની હાટડી ચલાવવા માટે જ સંચાલકો પોતાની મનમાની કરવા લાગ્યા છે ? જો વિદ્યાર્થીઓનું હીત જોતા હોય તો તાત્કાલિક ઓનલાઈન શિક્ષણ કેમ બંધ કરાવી દીધું ?

આમ,શિક્ષણ કરતાં આરોગ્ય માં કામ કરતા ડોક્ટરો,નર્સિંગ સ્ટાફ અને આરોગ્ય વિભાગ ની કામગીરી નું તુલના કરો તો ખ્યાલ આવશે કે આપણે શું સેવા કરી રહ્યા છે

-જયદીપભાઈ દવે ધરમપુર

# વાત બહુ સરળ લખી છે પણ સમજતા વાર લાગશે

ગુજરાતી ભાષા સાહિત્યમાં રસ હોવો જોઈએ તો મજા આવશે...

૧.
બે સજ્જનો મારામારી કરી રહ્યા હતા
પૂછતાં માલુમ પડ્યું કે 'અહિંસા' વિશે ડિબેટ ચાલી રહી હતી
હિતેશ તરસરિયા

૨.
ગરમીએ શેઠજીને દવા લેવડાવી,
નોકર તો રોજ લીમડો વાટીને પીતો.
પરીક્ષિત જોશી

૩.
કેવો લાગુ છું?" શ્યામવર્ણ પતિએ પત્નીને પૂછ્યું.
"કાળીના એક્કા જેવા."
સંજય ગુંદલાવકર

૪.
મારી પાસે ઘર હતું,
આજે પૈસા છે...
નિમેષ પંચાલ

૫.
બપોરનો તડકો
જીવનમાં લાગેલી લાય કરતાય,
આજ મીઠો લાગ્યો!
તૃપ્તિ ત્રિવેદી

૬.
એ ખુલ્લાં પગે માતાજીના મંદિરે દર્શન કરવા ગયો. માનતા માની. જો મારી પત્ની આ વખતે દીકરો જણસે તો,
એ ૧૧ કુંવારીકાને જમાડશે.
દક્ષા દવે

૭.
વૃદ્ધાશ્રમમાં બે વેવાણ મળ્યા.
આંખો જ બોલી છે વાંક કોનો!
દેવદત ઠાકર.

૮.
શહેર આખું ભેગું થયું એ જોવા કે કરફ્યુમાં જાહેરમાં ભેગું થવાની સજા શું હોય છે..!!
હિતેશ તરસરિયા

૯.
પત્ની પિયર ગઈપ
ટીફીનમાં મનપસંદ મળ્યું.
દિવ્યેશ સોડવડીયા

૧૦.
આ વધારાનાં વૃક્ષો કાપીને મેદાન સાફ કરો,
અહીં વૃક્ષારોપણનો કાર્યક્રમ ગોઠવવાનો છે...
હિતેશ તરસરિયા

૧૧.
"ગઈ-કાલે પેઇન્ટિંગ કોમ્પિટિશન હતી, વિજેતાઓને ઇનામ આપી દેવાયા છે, હવે આ કાગળ કંઈ કામના નથી, સળગાવી નાખ"
ક્લાર્ક દ્વિધામાં હતો, દરેક કાગળ પર બાળકોએ લખેલું હતું 'SAVE TREES'
હિતેશ તરસરિયા

૧૨.
વૃદ્ધાશ્રમમાં એક નવી સાડીને તરસતી માંના દીકરાએ, યમુનાજીનો ચૂંદડી મનોરથ કરાવ્યો.
પાછું ફેસબુક પર સ્ટેટ્સ મૂક્યું:
"માં ના ખોળે !!!

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

મારી માતૃભાષા ગુજરાતી ભાગ -૨

નામ લેતાંજ આપણાં ચિત્તમનમાં રમતાં,કૂદતાં,હસતાં,જીદ કરતાં બાળકોનું ચિત્ર ઊપસી આવે છે. પરંતુ તેમનું આ શૈશવ કેટલો સમય ટકે છે!!

ગતાંકથી ચાલુ........

હજી તો બિચારૂં......!! બિચારૂંજ તો!!!! માંડ ડગ ભરતાં શીખે ન શીખે ત્યાં તો એને 'પ્લે ગ્રુપ' નામના ભંડકીયામાં પૂરી દેવામાં આવે છે.જ્યાં તેની ઉપર સાવકી ભાષાનો મારો ચલાવવામાં આવે છે.જેમકે comehere, stand-up,sit down,apple,banana,brinjal,good morning.અરે! હજી તો પોતાની માતૃભાષાના શબ્દકોષના પૂરા સો શબ્દો પણ શીખ્યું ન હોય અને પરભાષાના બોજાનો ટોપલો તેના નાજૂક હાથોમાં પકડાવી દેવામાં આવે છે.અને આ બધું મા બાપ માત્ર સમાજના ડરથી કરે છે. તેઓ સતત એક દબાણ નીચે જીવતાં હોય છે કે જો આપણે સમાજની સાથે નહીં ચાલીએ તો લોકોની હાંસી પાત્ર થઈશું, સમાજથી પાછળ રહી જઈશું.માટે બાળકને ભણાવવા તો અંગ્રેજી માધ્યમમાંજ.એવી એક માન્યતા તેમના મનમાં આરૂઢ થઈ જાય છે.અને આ નાનકડાં ભૂલકાંઓ સમાજ અને માતાપિતા વચ્ચે ચાલી રહેલા આ શીત યુધ્ધમાં ભીંસાય છે.ઘરમાં બાળક માતૃભાષામાં બોલેચાલે અને શાળામાં સાવકી ભાષામાં.એની સમજદારીની બારીઓ ખૂલવાને બદલે એના પર અંગ્રેજી ભાષાનું મોટું નવતાલ તાળું લગાવીને બંધ કરી દેવામાં આવે છે.જેને ખોલવાની ચાવી અંગ્રેજી માધ્યમ પાસે પણ નથી.કારણ ભાષા ન સમજાય અને બાળક વર્ગમાં પ્રશ્નોના ઉત્તર ન આપી શકે તો શિક્ષકો દ્વારા તેમને very dull student......!કહીને શિક્ષા આપવામાં આવે છે કે "write this answer 10 times."........!! જેનો સ્વીકાર બાળક તો કરીજ લે છે,સાથે સાથે માબાપ પણ "અમારા બાળકની ટીચર તો બહુજ સ્ટ્રીક્ટ છે." કહીને સહજતાથી સ્વીકારી લે છે.આ બાળકો પછી એટલુંજ જુએ છે જેટલું બતાવવામાં આવે, એટલુંજ બોલે છે જેટલું બોલાવવામાં આવે,અને એટલુંજ સમજે છે જેટલું સમજાવવામાં આવે છે.આ રીતે બાળકના આત્મવિશ્વાસ પર એક પ્રશ્નાર્થ ચિન્હ મૂકાઈ જાય છે. ધીરે ધીરે બાળક પોતાનો આત્મવિશ્વાસ ગુમાવતો જાય છે. માન્યુ કે અંગ્રેજી ભાષા વિશ્વની ભાષા છે એનું મહત્વ આંતરાષ્ટ્રીય સ્તરે છે પરંતુ આપણે એનું એટલું બધું મહત્વ પણ ન રાખવું કે જેનાથી આપણું પોતાનુંજ અસ્તિત્વજ મટી જાય.આપણી ઓળખાણજ ભૂંસાઈ જાય.આ બધું જોઈને દુઃખ થાય છે અને વિચાર આવે છે કે લોકો શું કહેશે એ બીકે માણસ સદા ડરતો હોય છે.વાઘ વાઘથી નથી ડરતો પણ એક સભ્ય માણસ હંમેશા બીજા સભ્ય માણસથી ડરતો હોય છે.વિચારો કે આનાથી ઊંધુજ થયું હોત તો? જે પ્રવાહ અંગ્રેજી ભાષા તરફ વહેવા માંડ્યો છે તેજ પ્રવાહ આપણી માતૃભાષા તરફ વહેતો હોત તો?આપણીજ માની કૂખે જન્મીને માને ઓળખવાની જરૂર ન પડત. જે મમ્મી પપ્પા આજે વટથી એમ કહે છે કે"અમારા બાળકોને તો ગુજરાતી બોલતાં કે લખતાં વાંચતાં નથી આવડતું." કદાચ એ લોકોને આ વાક્ય બોલવામાં નાનમ લાગત..........!!આ બધું શક્ય છે.જો આપણા ૯૦% ગુજરાતીઓ જાગૃત થાય.આપણે બાળકોને ભણતર ભલે અંગ્રેજી માધ્યમમાં આપીએ પરંતુ ગણતર તો ગુજરાતીજ શીખવો.કારણકે ભણતરની સાથે સાથે ગણતર ખૂબજ જરૂરી છે.ગુજરાતી ભાષા શીખવવાના વર્ગો ખોલવા પડે એ એક શરમજનક અને ખેદની વાત છે,પરંતુ તેને આપણે જરાક હકારાત્મક અભિગમથી વિચારીએ તો ગુજરાતી ભાષાના ભવિષ્ય માટે એક આશાનું કિરણજ કહેવાય.આવા વર્ગોમાં ગુજરાતીઓજ પોતાના બાળકોને ગુજરાતી ભાષા શીખવા મોકલે છે.તો એના પરથી સાબિત થાય છે કે ગુજરાતીઓમાં આજે પણ □દયના એક ખૂણામાં ગુજરાતીપણું જાગૃત છેજ. તો એમાં વધુ જાગૃતિ લાવવા ખાસ ગુજરાતીઓ માટેજ વિવિધ હરિફાઈઓ યોજવી જોઈએ.જે અત્યારે ન્યુઝ ઓફ ગાંધીનગરના વોટસપગ્રુપમાં બાળવિભાગમાં યોજાય છે.જેમાં ઘણા બાળકો હોંશભેર ભાગ લે છે.આ આખી ચર્ચામાં માતાપિતા કેન્દ્રસ્થાને આવે છે.આજના દરેક માતાપિતાએ પોતાના બાળકને ભાષાનું ગૌરવ લેવડાવતાં પહેલા પોતે ગૌરવ લેતાં શીખવું પડશે.આપણે જેમ આપણી જાતને ખૂબ પ્રેમ કરીએ છીએ એ રીતે આપણે આપણી ભાષાને પ્રેમ કરતાં શીખવું પડશે.ભાષાનું જતન આપણે કરશું તો આપણી આવનારી પેઢી એનું જતન કરશેજ.એ માટે ઘરમાં ગુજરાતી પુસ્તકો વાંચવાની આદત કેળવવી જોઈએ.જરૂરી નથી કે તમે દરેક પુસ્તકો વસાવો,એ માટે પુસ્તકાલય ઉત્તમ પર્યાય છે.જે વિસ્તારમાં ગુજરાતીઓ વધારે હોય તે વિસ્તાર પૂરતી મીની લાઈબ્રેરી ઊભી કરવી જોઈએ.ભાષાને જીવાડવા માટે વાંચન એક અસરકારક ઉપાય છે.પરંતુ શરત એટલી કે દરેકને પોતાના રસ અને રૂચિ પ્રમાણે વાંચન મળે.

ક્રમશ

લેખિકા : આરતી મરચંટ
મુંબઈ : કાંદીવલી

જડભરત

તે પોતાનું ઘર છોડીને વાજતે ગાજતે અરમાનોની પોટલી લઈને સાસરે આવી હતી, એનો હું સાક્ષી. ગૃહપ્રવેશ વખતે કેવી ગભરાઈ ગયેલી! "જોઉ કેવા સંસ્કાર છે?" કરીને તેના પગ પર સૌની નજર મંડાયેલી હતી. પછી તો તે હંમેશા ગંભીર બનવાનો પ્રયત્ન કરતી પણ તેનું રમતિયાળપણું વારેઘડીએ ડોકાઈ જતું. એની નિખાલસતા સાસરે બધાને સ્પર્શી ગઈ અને સૌની લાડકી બની ગઈ.

"હવે તારું કામમાં ધ્યાન નથી", પ્રથમ બાળકના જન્મ પછી બેવડાયેલી જવાબદારીમાં એ મુરઝાવા લાગી. "કોને સંભાળું?" પગમાં પૈડાં મૂક્યા હોય તેમ તેને આમતેમ દોડતી હું જોતો રહેતો. ઘૂંટણિયા ભરતું તેનું બાળક મને સ્પર્શી જતું ત્યારે હું ઝૂમી ઉઠતો. દિવસ-રાત કે સુખ-દુઃખને ને કોઈ ટોક ખરી?

"ઉંબરો ઓળંગતા ધ્યાન રાખજો, પહેલા પગ બહાર નીકળે એ પ્રમાણે ઠાઠડી ઉંચકજો." આજે મારી નજર પણ એના પગ પર હતી! જવું હતું મારે પણ તેની સાથે, પણ મેં તેને વચન આપ્યું હતું, ઘરના બધાને સાચવવાનું! હું ઉંબરો, એક દીકરીના સંબંધને સાચવતો જડભરત બનીને ત્યાં જ ઠોકાઈ રહ્યો.

લેખક - વંદના વાણી

-----------------------------------------

ટૂંકી વાર્તા

ઈર્ષા,

રોમિલ નાનપણ થીજ હા જ્યારથી શાળા મા ભણતો ત્યારથી જ મીરા ને ચાહતો. આમેય તેના સુંદર ચહેરા પર શહેરની બધી છોકરીઓ મરતી.મીરા રૂપાળી નહિ પણ આકર્ષિત ચહેરો ધરાવતી પણ મક્કમ મન ની ચંચળ હરણી જેવી હતી.હંમેશા આગળ ભણવાનો શોખ ધરાવતી.ક્યારેક રોમિલ સાથે ને બીજા યુવકો સાથે બોલતી.શાળા ના દિવસો હવે પૂરા થવાના એ બધા જ માટે જુદા થવાના દિવસો હતા. કોલેજ નું આકર્ષણ બધાને હતું .મીરા માટે રોમિલ બધા સાથે ઝઘડતો.ઘણીવાર લોકો બન્ને ને સાથે જોતા ચિડવતા પણ સ્થિતપ્રજ્ઞ મીરા ક્યારેય વિચલિત ન થતી.

સમય જતા બધા વિખરાયા ને કોલેજ મા નવી નવી ઓળખાણ થતા મીરાના જીવનમાં અનેક મિત્રો ને સખીઓ સાથે ઉઠકબેઠક સરૂ થઈ.વિશાળ દુનિયાના પરિચય મા આવતા મીરા નું ભણતર ગણતર ને મા બાપ ના સંસ્કાર નું તેજ ઉમેરાતું ગયું .ખૂબ વાંચન ને કારણે મીરાના વિચારો મા પણ વિશાળતા હતી.

મીરા ના લગ્ન ની વાતો ચાલીને તેણે મોટા શહેરને આવકાર્યું હતું કે અહિ જીવનની ઘણી બધી રીતે એ આગળ વધી શકશે.જીવન મા ઘણા અરમાનો સાથે આવેલી મીરા હવે સંસાર મા પડી ગઈ ને ભણતર નો ઉપયોગ પોતાના બાળકો ને અને ગરીબો ના બાળકો ને ભણાવા મા કરવા લાગી. સંસારિયા નો તેમાં સાથ મળ્યો,પતિ મિત્ર સમાન હતા..સંસાર ચાલતો હતો ત્યા કુદરતને ઈર્ષા આવી ને પતિ નું મૃત્યુ થયું .મીરા ઘરમાં રહી જ્ઞાન ને જેટલું વહેંચી સકાતુ વહેંચતી .

અચાનક એકવાર તે ઋષિકેશ ફરવા ગઈ અનેક આશ્રમો જોયા.ગંગાકિનારે બેઠી હતી પવનની એક લહરખી જૂદો જ સ્પર્શ કરી ગઈ સમજી ન સકી ...ત્યા તટ પર એક અનોખા તેજ થી ચમકતા ચહેરાને જોતી રહી ..હૈયાને ટંટોળી પૂછી બેઠી કેમ સ્પર્શે છે આ પવન ? કોઈ અતિ નજીકની મિઠાસ છે..જાણે કહી રહી છે.."હુ તને ઓળખું છુ ,પણ તુ હજુ પણ મને ન ઓળખી શકી"

તેજસ્વી પુરૂષ બીજું કોઈ નહિ રોમિલ હતો! જીવન ના આ મોડ પર અહીં મળી જશે એ કલ્પના પણ નહોતી. ન પૂછી સકી પણ રોમિલ ના એક જવાબે તે હાલી ગઈ.."ઈર્ષા"! હા રોમિલને મીરા ના તરછોડવાની ઈર્ષા એ તે હિમાલય ના પંથે વળ્યો ને એને ગુરૂ નિત્યાનંદ નો સાથ મળ્યો . અત્યારે તે જીવન મા તેશ્રેષ્ઠ યોગસાધના નો ઊપાસક છે.ઈર્ષાએ જીવન ને સુધારી દીધું છે.

મીરા પ્રથમ વખત રોમિલના સાચા પ્રેમમાં પડી.

જયશ્રી પટેલ....૩/૧૨/૧૭

-----------------------------------------

ગાગા લગાગા, ગાગા લગાગા, ગાગા લગાગા.

સઘળી કહાની ફિલ્મી ઢબે કંડારાઈ ગઈ છે,
આ જિંદગીની દાસ્તાન પણ સંકેલાઈ ગઈ છે.
તમન્ના હ્રદયની અંદર જ ધરબાયેલી રહી છે,
દિલની બધી કામેચ્છા હવે છંછેડાઈ ગઈ છે.
આ જિંદગીને સાચી હકીકત પિછાણવી છે,
એકદમ સાચી વાતો બધી છુપાવાઈ ગઈ છે.
અરમાન દિલના કોરા તરસથી તડપી ઉઠ્યાં છે,
દિલની બધી આકાંક્ષા અહી વિખેરાઈ ગઈ છે.
છ જસ્ટ વન મિનીટમાં અસલ ભાષા ભૂલશો નહિ,
આ યુગની ફેશનથી જ ભાષા ભુલાઈ ગઈ છે.
અનિલ દવે. ("અનુ")

-----------------------------------------

એક ઘટના પણ પછી અફવા બની ગઈ,
ના બની અફવા તો એ રચના બની ગઈ.
પ્રીત છેવટ મન તણી ભ્રમણા બની ગઈ.
આ ખુમારી પણ હવે રઘવા બની ગઈ.
દંશ માર્યો છે એ અંગત છે બધા જણ,
માણસાઈ એ પછી પથરા બની ગઈ.
આ ધરમનો ખેલ પણ ઈશ્વર તણો છે,
જાત કોઈ લીલી તો ભગવા બની ગઈ,
સરહદો સૌ ક્યાંક ભેગી થઈ અને થઈ,
શ્વેત કાગળ પર સહજ નકશા બની ગઈ.
સાવ અણઘડ હાથમાં આવી છે આખી,
વારતા પણ એ પછી ફકરા બની ગઈ.
છે જરૂરત આ જગતને ત્યાં સુધી બસ,
હાજરી તારી પછી અથવા બની ગઈ.
ડો.કિશોર ઠક્કર. લોલાડા.

-----------------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (મો-૯૮૨૪૬૫૩૦૭૩)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક :
Email:prdpraval42@gmail.com

-----------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# સમગ્ર શિક્ષા બનાસકાંઠા - સી. આર. સી વસી દ્વારા એપ લોંચ કરવામાં આવી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોવિડ-૧૯ ના મહામારીના સમયમાં ગુજરાતમાં ગુણાત્મક સુધારણા માટે શિક્ષણ વિભાગ ગુજરાત દ્વારા અને શિક્ષણ વિભાગની વિવિધ શાખાઓ દ્વારા સતત પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારે સમગ્ર શિક્ષા બનાસકાંઠા - સી. આર. સી વસી દ્વારા બનાસકાંઠા જિલ્લા પ્રો. કોંઓશ્રીના માર્ગદર્શન હેઠળ પ્લે સ્ટોર પર એપ લોંચ કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લા પ્રો. કોંઓશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જે. પી. પ્રજાપતિના હસ્તે આ એપ લોંચ કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા મદદનીશ ક્યુ એન્ડ એમ, આઈ. ઈ. ડી, એસ. ટી. પી, એમ. આઈ. એસ., ગર્લ્સ એજ્યુકેશન, ઓફિસ આસિસ્ટન્ટશ્રી , દાંતા - ૨ ના સી. આર. સી કોંઓશ્રી આર. કે. રાવલ હાજર રહ્યા હતા. હોમ લર્નિંગ અંતર્ગત બાળકો સાથે શિક્ષકો બાળકોને ઘરે બેસીને એપથી શિક્ષણ આપી શકશે.એપનું નામ સી. આર. સી વસી - સમગ્ર શિક્ષા બનાસકાંઠા છે. એપ ૬૬ એમ. બી ની છે. સમગ્ર એપ તૈયાર કરવામાં વસી સી. આર. સી કોંઓશ્રી આલોકભાઈ મિશ્રાના પ્રયત્ન મહત્વના છે.



વિશ્વભરમાં ઓગષ્ટ મહિનાના પહેલાં સપ્તાહને વર્લ્ડ બ્રેસ્ટફિડિંગ સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે

# દાહોદ જિલ્લામાં વિશ્વ સ્તનપાન સપ્તાહ દરમિયાન વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવાશે

અભેસિંહ રાવલ દાહોદ

ખાસ લેખ : મહેન્દ્ર પરમાર



દાહોદ, તા. ૨૩ : ઘણી વખત આપણે જોઈએ છીએ કે કેટલાંક બાળકો સતત બીમાર રહેતા હોય છે અને જ્યારે કેટલાંક બાળકો હંમેશા નિરોગી અને સ્વસ્થ્ય રહેતા હોય છે. એક જ વર્ગખંડમાં ભણતા વિદ્યાર્થીઓમાં વર્ષાના પ્રથમ આગમન સાથે જ અમુકને તરત શરદી-ખાંસી-તાવ આવી જતા હોય છે. જયારે કેટલાંક બાળકોમાં ઋતુઓની વિષમતાની કોઈ અસર થતી નથી. આવું થવાનું મુખ્ય કારણ છે રોગપ્રતિકારક શક્તિ. કોરોના મહામારીના આ સમયમાં પણ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ જ રામબાણ ઉપાય બન્યો છે ત્યારે બાળકોમાં જન્મની સાથે જ જીવનભર સાથે રહે તેવી સબળ રોગપ્રતિકારક શક્તિની બક્ષિસ કુદરત માતા થકી આપે છે. જન્મની સાથે જ કરાવામાં આવતું સ્તનપાન અને ત્યાર બાદના પ્રથમ છ માસ માટેનું ફક્ત સ્તનપાન બાળકો માટે રોગો સામે ઝઝૂમવાની અમોઘ શક્તિ પ્રદાન કરે છે.

બાળકો માટે સ્તનપાનના આ મહત્વના કારણે જ વૈશ્વિક સ્તરે વર્લ્ડ અલાયન્સ ફોર બ્રેસ્ટ્રફિડિંગ એકશન દ્વારા વર્ષ ૧૯૯૨ થી લોકઝુંબેશ શરૂ કરવામાં આવી. આ ઝુંબેશમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને યુનીસેફ પણ જોડાઈ અને અત્યારે વિશ્વભરમાં ઓગષ્ટના પહેલાં સપ્તાહને વર્લ્ડ બ્રેસ્ટ ફિડિંગ સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે. આ સપ્તાહ દરમિયાન સ્તનપાનથી થતા ફાયદાઓથી સગર્ભા અને ધાત્રી માતાઓને અવગત કરવામાં આવે છે અને તેમને બાળકોને સ્તનપાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. દર વર્ષે ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી વખતે એક થીમ પણ નક્કી કરવામાં આવે છે અને એ થીમ મુજબ દુનયાના ૧૭૦ થી પણ દેશોમાં આ ઉજવણી અને જાગૃકતા કાર્યક્રમ ચલાવવામાં આવે છે.

વિશ્વ સ્તનપાન સપ્તાહ વર્ષ ૨૦૨૦ ની આ વખતની થીમ છે - 'Support Breastfeeding for Healthier Planet` એટલે કે સ્તનપાનનું સમર્થન કરીએ – તંન્દુરસ્ત વિશ્વના સર્જન માટે. બાળકોના સ્તનપાનની સીધી અસર પર્યાવરણ પર થાય છે. સ્તનપાન દ્વારા બાળક કુદરતી આહાર મેળવે છે જે કોઈપણ પ્રકારના પ્રદૂષણ, પેકેજીંગ કે પ્રોસેસથી મુક્ત હોય છે. પરિણામે પૃથ્વી પરના હવા, પાણી, જમીન જેવા ઘટકો પર તેની સીધી અસર થાય છે અને પૃથ્વી વધુ સલામત બને છે.

રાજયમાં આ સપ્તાહ દરમિયાન ખૂબ સુંદર નવતર પ્રયોગ કરવામાં આવશે. જેમાં ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં માતા બનવાની શક્યતા હોય અને માતા બને તેમનાં કુટુંબને એક છોડ આપવામાં આવશે તથા બાળક અને છોડની સરખી કાળજી લેવાની સમજ આપવામાં આવશે. જે બાળકો આ રીતે મોટા થશે તેઓ આ છોડને વૃક્ષ થતા જોશે અને પ્રકૃતિ સાથે આપોઆપ જ તેનો લગાવ બની જશે. તેમના જીવનમાં પ્રકૃતિ સાથેનો આ નાતો અતુટ હશે અને તેઓમાં કાયમ પ્રકૃતિની માવજત રાખવાનો સંબધ બનશે.

આ અઠવાડિયા દરમિયાન યોજાનારી ઝુંબેશમાં 'અનોખા બંધન – એક કદમ પ્રકૃતિ તરફ' વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવશે અને લોકોમાં પ્રકૃતિના ઉદાહરણ સાથે નવજાતને સ્તનપાનથી થતા ફાયદાથી અવગત કરાશે. કોરોના મહામારીને કારણે કોઈપણ પ્રકારના મેળાવડા કર્યા વિના જનજાગૃતિ માટે સોશ્યલ મિડિયા અને ટેલિફોનિક સંવાદનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે.

દાહોદ જિલ્લામાં પણ આ સપ્તાહ દરમિયાન વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે. જેમાં સગર્ભા –ધાત્રી માતાઓ સાથે ટેલિફોનિક સંવાદ કરીને પ્રસુતિ માટેની પૂર્વતૈયારી અને સ્તનપાનનું મહત્વ સમજાવાશે. સ્થાનિક રેડિયો સ્ટેશનનો પણ આ માટે ઉપયોગ કરાશે અને નિષ્ણાંતોના આ બાબતે સંવાદ રજૂ કરાશે. સાથે ડિઝિટલ હોર્ડિંગ દ્વારા નગરપાલિકા પણ પ્રચાર પ્રસાર કરશે. સાથે ઉંબરે આંગણવાડી કાર્યક્રમ ચલાવાશે. તા. ૧ થી તા. ૭ દરમિયાન જન્મનાર બાળકોનાં ઘરે અને આ સપ્તાહમાં ડિલીવરીની સંભવિત તારીખ હોય તેવી સગર્ભા મહિલાને ઘરે વૃક્ષારોપણનું આયોજન કરાશે.

આ નિર્ણયથી કર્મચારીઓને આર્થિક લાભ થવાની સંભાવના: રજનીકાંત ભારતીય

# આઉટસોર્સીંગ કર્મચારીઓના ખાતામાં પગાર કરવાના નિર્ણયને ગુજરાત જનતા જાગૃતિ મંચે આવકાર્યો

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે બુધવારે પ્રેસ કોન્ફરન્સમાં આઉટસોર્સિંગ કર્મચારીઓનુ શોષણ અટકાવવા મહત્ત્વનો નિર્ણય લેતા જણાવ્યું હતુ કે કર્મચારીઓનો પગાર એસ્ક્રો એકાઉન્ટ મારફતે સીધો ખાતામાં જમા કરાવવામાં આવશે તેમજ ઈપીએફ ઈએસઆઈ પણ સરકાર જ કર્મચારીઓના ખાતામાં જમા કરાવશે એજન્સીઓને મહેનતાણા પેટે માત્ર સર્વિસ ચાર્જ જ ચુકવવામાં આવશે આ નિર્ણયનો અમલ થવાથી ગુજરાતના સાત લાખ બાણુ હજાર જેટલા આઉટસોર્સિંગ કર્મચારીઓને આર્થિક લાભ થતો હોઈ તેમજ એજન્સીઓ દ્વારા પીએફ ઈએસઆઈ માં આચરવામાં આવતી ગેરરીતી ઉપર અંકુશ આવે એમ હોઈ આઉટસોર્સિંગ કર્મચારીઓ માટે લાંબા સમય થી લડત આપતાં ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા આ નિર્ણય ને આવકારવામા આવ્યો હતો સાથે સામાન્ય વહીવટ વિભાગ આ બાબતે ઠરાવ ઝડપથી બહાર પાડી આ નિર્ણયને ઝડપથી અમલમાં મુકશે એવી આશા ગુજરાત જનતા જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંત ભારતીયએ વ્યકત કરી હતી.

ગુજરાત જનતા જાગૃતિ મંચની લડત આઉટસોર્સિંગ નિતિ કાયમ માટે નાબુદ કરાવવા, અત્યાર સુધી એજન્સીઓએ કર્મચારીઓના પગારમાં ગેરરીતિ આચરી કટકી કરેલ રકમની રિકવરી કરાવવા, વર્ગ ૪ ની કાયમી ભરતી વર્ષોથી બંધ કરવામાં આવી છે તે પુનઃ શરુ કરાવવા માટે હોઈ લડત ચાલુ જ રાખવાની વાત રજનીકાંત ભારતીય એ કરી હતી

અત્યારે સમગ્ર રાજયમા કોરોના એ કેર વર્તાવ્યો છે ત્યારે કોરોનાને ગુજરાતમાથી જડમુળથી નાબુદ કરવા દર્દીઓને અને લોકોને યોગ્ય સારવાર અને માર્ગદર્શન આપવાની સાથે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવવાની સાથે જનતાને તકલીફ પડે એવા કાર્યક્રમોથી દુર રહેવા ગુજરાત જનતા જાગૃતિ મંચે કર્મચારીઓને અપિલ કરી હતી..આભાર ..રજનીકાંત ભારતીય.પ્રમુખ

ગુજરાત જનતા જાગૃતિ મંચ

# કેશોદ તાલુકાના સરોડ ગામે દબાણો હટાવવાની કામગીરીમાં સમાધાન થયું તંત્રને હાશકારો




કેશોદ : (રાજુભાઈ પંડ્યા)

કેશોદ તાલુકાના સરોડ ગામે ગૌચરમાં આવેલાં દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે અનુસુચિત જાતિના લોકોએ ટોળાં સ્વરૂપે આવી વિરોધ કરી કામગીરી અટકાવી હતી. આજરોજ ગ્રામજનો અને અનુસુચિત જાતિના લોકો વચ્ચે થયેલી બેઠકમાં પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલાં ઠરાવ વાળી જગ્યાએ થયેલાં દબાણો દુર કરવા સંમતિ થતાં સમાધાન થયું છે. સરોડ ગ્રામ પંચાયત દ્વારા કુલ ૭૯ દબાણકર્તાઓને નોટિસ ફટકારી છે ત્યારે દબાણકર્તાઓ દુકાનો કે મકાનોમાં તાળાં મારી જતાં રહ્યાં હતાં. કેશોદના સરોડ ગામે ગૌચરમાં આવેલાં દબાણો દુર કરવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે એવું તંત્ર રટણ કરી રહ્યું છે ત્યારે દબાણો દૂર થશે કે કેમ તે અંગે તંત્ર શંકાના દાયરામાં આવી ગયું છે. કેશોદના સરોડ ગામે ગૌચરમાં ગૌશાળા માટે ફરતી દિવાલ બનાવવામાં આવી હતી ત્યારે તંત્ર દ્વારા ગૌશાળા ની દિવાલને દબાણ હેઠળ ગણીને હટાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે ગોભક્તો માં રોષ ફેલાયો છે. ગૌચરની જમીનમાં ગૌશાળા હટાવવામાં પાવરધું તંત્ર અન્ય દબાણો દૂર કરવામાં ધુટણીએ પડતાં રાજકીય દબાણ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કેશોદ તાલુકા પંચાયત નાં અધિકારીઓ પોલીસ બંદોબસ્ત વચ્ચે બાકીના દબાણો દુર કરશે એવું જણાવે છે ત્યારે જોવાનું એ રહેશે કે ખરેખર નક્કર કાર્યવાહી કરવામાં આવશે કે પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા પુરતું સીમિત રહેશે.

# KSV સંચાલિત યુનિવર્સિટી સેન્ટ્રલ પ્લેસમેન્ટ સેલ દ્વારા બેક્ક ઓફ અમેરિકામાં પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત યુનિવર્સિટી સેન્ટ્રલ પ્લેસમેન્ટ વિભાગ દ્વારા બેંક ઓફ અમેરિકામાં ૩૬ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. જેઓ ગિફ્ટ સિટી, ગાંધીનગરમાં બેંક ઓફ અમેરિકામાં જોડાશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓના શિક્ષણકાર્ય ની સાથે સાથે તેના ભાવિ વિશે હંમેશા ચિંતનશીલ છે. કોરોનાના મહામારી વિશ્વભરમાં ચાલી રહી છે, ત્યારે લોકડાઉનમાં પણ સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શનથી ઓનલાઈન પ્લેસમેન્ટની કામગીરી સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. જુલાઈ ૨૦૨૦માં બેંક ઓફ અમેરિકા વિવિધ જગ્યાઓ માટે યુનિવર્સિટી સંચાલિત B.sc., B.Com., M.Com., BBA, BCA., જેવા વિવિધ વિભાગોમાંથી ૩૬૦ જેટલા વિદ્યાર્થીઓએ રસ ધરાવ્યો હતો. બેંક ઓફ અમેરિકા દ્વારા વિવિધ ઓનલાઈન ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી ૩૬ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી પામી પારંભિક તબક્કમાં વાર્ષિક ૩ લાખનું પેકેજ સાથે ૧ ઓગસ્ટ૨૦૨૦થી બેંક ઓફ અમેરિકામાં પોતાની સેવા આપશે.

પસંદગી પામેલ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીનાપ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, રજિસ્ટ્રા ડૉ.એસ.કે.મંત્રાલા, સહિત પ્રિન્સપાલશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.

# અરવલ્લીના બાયડ,મોડાસા શહેરની ત્રણ સોસાયટી ,માલપુર તાલુકાની ભાટીયા ફળી વિસ્તારનો કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ

મોડાસા, બુધવાર- હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ ર્ઝ્રફૈંઙ્ઘ-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારુપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ બાયડ નગરપાલિકાના અયોધ્યાનગર સોસાયટી અને મોડાસા નગરપાલિકાના શિવવીલા સોસાયટી અને કુરેશી મહોલ્લા તથા માલપુર તાલુકાની ભાટીયા ફળી વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 ™ku Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં COVID-19 નો કેસ મળી આવેલ બાયડ નગરપાલિકાના અયોધ્યાનગર સોસાયટી અને મોડાસા નગરપાલિકાના શિવવીલા સોસાયટી અને કુરેશી મહોલ્લા, તથા માલપુર તાલુકાની ભાટીયા ફળી વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા.૪ ઓગસ્ટ ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.



**આજરોજ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ,ગુજરાત સરકાર ની એક અનોખી પહેલ ×પહેલી રાખી દેશ પ્રેમ ×કી- કાર્યક્રમ અંતર્ગત સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્ર મોટી ઈસરોલ દ્વારા સરહદ પરના દેશના સૈનિકો માટે રાખડી લેવામાં આવી જેમાં અરવલ્લી જિલ્લા સહકારી સંઘ ના ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ, તાલુકા મહામંત્રી રમેશભાઈ તથા યુવાકેન્દ્ર સભ્યો, કેન્દ્રની બહેનો, આગેવાનો, કાર્યકરો તથા ડૉ સિદ્ધરાજસિંહ રહેવર તથા જિલ્લા સંયોજક મીનાબેન પટેલઅને મોડાસા તાલુકા સંયોજક આકાશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા**

# અંબાજી બન્યું ગુજરાતનું પ્રથમ ISO 9001 સર્ટીફિકેટ ધરાવતું યાત્રા તીર્થધામ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ ISO 9001 2015 સર્ટીફિકેટ યાત્રાધામ વિકાસ મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર અને શ્રીમતી વિભાવરીબહેન દવેની ઉપસ્થિતીમાં પ્રવાસન-યાત્રાધામ સચિવ શ્રીમતી મમતા વર્મા અને આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ, બનાસકાંઠા કલેકટર શ્રી સંદીપ સાંગલેને ગાંધીનગરમાં અર્પણ કરી આ ગૌરવ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા હતા.આદ્યશકિત પીઠ અંબાજી મંદિરની આ પ્રમાણપત્ર માટે પસંદગી કરવામાં આવી તેમાં જે મહત્વપૂર્ણ બાબતો આવરી લેવાઇ છે તેમાં સમગ્ર મંદિર પરિસરના સુઆયોજિત સંચાલન, ગબ્બર પરની સુવિધાઓ તેમજ પ્રસાદ અને અન્ય ખાદ્ય સામગ્રી તેમજ યાત્રી નિવાસ સગવડતાઓના સરળ સંચાલન સાથે જ અંબાજી વિસ્તારમાં ટ્રસ્ટ દ્વારા હાથ ધરાતી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંચાલન અને સેવાકીય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાર્ન્ડડાઇઝેશન ISO એ યુ.કે બેઝડ સંગઠન છે અને જે-તે સંસ્થા-સંગઠનોને તેની ગુણવત્તાયુકત સેવાઓ, પર્યાવરણ જાળવણીના ઉપાયો તથા સુરક્ષા-સલામતિની સર્વગ્રાહી બાબતોના મૂલ્યાંકનના આધારે ISO સર્ટીફિકેશન માટેની પસંદગી આ સંસ્થા કરે છે.

ગુજરાતના આ આદ્યશકિત પીઠ અંબાજી મંદિર ટ્રસ્ટે આ ISO 9001 2015 સર્ટીફિકેશન માટે યાત્રાધામ વિકાસ મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર અને રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવેના પ્રેરણા માર્ગદર્શનમાં જે રજૂઆત કરી હતી તેની ફલશ્રુતિએ ISO ના માનદંડો પર અંબાજી મંદિર ટ્રસ્ટ સફળ નિવડતાં આ સર્ટીફિકેશન પ્રાપ્ત થયું છે.આ સર્ટીફિકેટ ૩ વર્ષ માટે માન્ય રહે છે. એટલું જ નહિ, દર વર્ષે સર્વેલન્સ ઓડિટ દ્વારા જે-તે સુવિધાઓની ગુણવત્તામાં સુધારાની ચકાસણી પણ થતી હોય છે. આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને આ ISO 9001 2015 સર્ટીફિકેટ અંબાજી યાત્રાધામમાં આવતા યાત્રિકોને પૂજા, યજ્ઞ, પાર્કિંગ, દાન-ભંડોળ, તત્કાલ તબીબી સેવાઓની ઉપલબ્ધિ પ્રસાદ વ્યવસ્થા, નિવાસ સુવિધા વગેરે બાબતોની જાણકારી માટે ડેડીકેટેડ હેલ્થ સેન્ટરની સુવિધા, સાયન્ટીફિક એપ્રોચ સાથેના સી.સી.ટીવી સર્વેલન્સ તથા સ્ટ્રેટેજિક લોકેશન્સ ઉપર વ્યૂહાત્મક સુરક્ષા નિગરાની તેમજ સુરક્ષિત અને હાઈજેનીક-આરોગ્યપ્રદ ખોરાક-ભોજન પ્રસાદ જેવી વિવિધ સગવડતાઓમાં શ્રેષ્ઠતા માટે એનાયત થયું છે.

# માણાવદર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા માસ્ક ના મુદ્દે મામલતદાર ને આવેદનપત્ર પાઠવ્યું



સરકાર દ્વારા મફત માસ્કનુ વિતરણ તથા દંડની રકમ રુ.૫૦ કરવા માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના માણાવદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ શ્રી અરવિંદભાઈ લાડાણી, જિલ્લા કોંગ્રેસ ના ઉપપ્રમુખ દિલીપભાઈ જસાણી,માણાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાટકીયા, બાંટવા શહેર કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ રાઠોડ,તાલુકા સેવાદળ કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ હુંબલ, તાલુકા યુવા કોંગ્રેસ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ બોરખતરીયા સહીતના કોંગ્રેસ કાર્યકરોએ આજરોજ મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ને ઉદ્દેશીને મામલતદાર માણાવદર મારફતે કોરોના મહામારીમાં માસ્કના દંડ બાબતે આવેદનપત્ર આપવામાં આવેલ જેમાં રજુઆત કરવામાં આવેલ કે છેલ્લા ચાર માસથી વધુ સમયથી કોરોનાની પરિસ્થિતિમાં લોકોના જીવન બે હાલ બની ગયા છે જે લોકો માસ્ક વગર નીકળે છે તેઓને રુ.૨૦૦ દંડ તથા અમુક શહેરોમાં રુ.૫૦૦ જેવો દંડ સરકાર દ્વારા રાખવામાં આવેલ છે તે ઘટાડી રુ.૫૦ નો કરવામાં આવે તથા સરકારે ખરેખર કોરોના ને કાબુમાં રાખવો હોય તો ગરીબ અને મધ્યમવર્ગીય જનતા ને વિના મુલ્યે માસ્કનુ વિતરણ કરવું જોઈએ અને કંપનીઓ, સામાજીક સંસ્થાઓ, તથા વ્યક્તિઓ પાસેથી રોકડ રકમ નું દાન લેવાના બદલે વિના મુલ્યે માસ્કનુ દાન કરે તેવી જાહેરાત કરવા વિનંતી કરવામાં આવી છે.તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# પટવાણ શાળામાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું




અભેસિંહ રાવલ દાહોદ

જનજાતિ કલ્યાણ આશ્રમ દાહોદનાં આરોગ્ય આયામ તથા પટવાણ પ્રાથમિક શાળાનાં સંયુક્ત ઉપક્રમે લીમખેડા તાલુ-કાનાં સી.આર.સી.બાર માં આવેલી આવેલી પટવાણ પ્રાથમિક શાળામાં હાલમાં ચાલતી કોરોનાની વૈશ્વિક મહામારી સામેના રક્ષણ માટે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં આરોગ્ય આયામ દાહોદ નાં જિલ્લામંત્રી તથા સી.આર.સી.કૉ. ઓર્ડીનેટર.મેહુલભાઈ ચૌધરી,દાહોદ જિલ્લા સહકાર ભારતી મંત્રી કાંતિભાઈ પટેલ,આજુ-બાજુ નાં ગામ ની શાળાનાં શિક્ષકો, શાળા સ્ટાફગણ, હાજર રહ્યા હતાં. પટવાણ ગામ માંથી વડીલો,આગેવાનો,મહિલાઓ યુવાનો મળીને કુલ ૧૧૫ જેટલા લોકોએ આ આયુર્વેદિક ઉકાળાનો લાભ લીધો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.